



# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2021-2023

Year - 5 | Isuue- 121 | AD-2022, Maha Sud-3 Thursday, Dt. 03-02-2022 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00


### ભારત આત્મનિર્ભર બને તે ખૂબ જ મહત્વપૂર્ણ છે અને આત્મનિર્ભર ભારતના પાયા પર આધુનિક ભારતનું નિર્માણ થવું જોઈએ

# પ્રધાનમંત્રીનો કાર્યકર્તાઓ સાથે સંવાદ : બજેટની સિધ્ધિઓ ગણાવી

(એ.આર.એલ),નવીદિલ્હી,તા.૨

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે (બુધવારે) બજેટ ૨૦૨૨ પર ભાજપના કાર્યકર્તાઓ સાથે સંવાદ કર્યો છે. પ્રધાનમંત્રી મોદીએ આ દરમિયાન બજેટની સિદ્ધિઓ ગણાવી છે. મહત્વનું છે કે કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતારમણે મંગળવારે દેશનું સામાન્ય બજેટ લોકસભામાં રજૂ કર્યું હતું. પ્રધાનમંત્રી મોદીએ કહ્યુ કે દેશ ૧૦૦ વર્ષમાં આવેલી સૌથી મોટી મહામારી સામે લડી રહ્યો છે. કોરોનાનો આ કાળખંડ દુનિયા માટે અનેક પડકારો લઈને આવ્યો છે. દુનિયા ચાર રસ્તા પર આવીને ઉભી રહી ગઈ છે, જ્યાં ટર્નિંગ પોઈન્ટ ચોક્કસ છે. આગળ જે આપણે દુનિયા જોવાના છીએ તે એવી નહીં રહે જે કોરોના પહેલા હતી.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યુ કે કોરોના બાદ એક નવો વર્લ્ડ ઓર્ડર બનશે. તેના સંકેત પણ જોવા મળી રહ્યાં છે. આજે ભારત તરફ જોવાની વિશ્વની નજરમાં મોટો ફેરફાર આવી રહ્યો છે. હવે દુનિયાના લોકો ભારતને વધુ મજબૂત રૂપમાં જોવા ઈચ્છે છે. તેથી વિશ્વ જ્યારે ભારતને નવી રીતે જોઈ રહ્યું છે તો આપણા માટે પણ જરૂરી છે કે દેશને ઝડપથી આગળ વધારીએ. આ સમય નવા અવસરો અને નવા સંકલ્પોની સિદ્ધિનો છે.

પ્રધાનમંત્રી મોદીએ કહ્યુ કે, આજે ભારતની જીડીપી ૨ લાખ ૩૦ હજાર કરોડની આસપાસ છે. આજે ભારતનું વિદેશી મુદ્રા રિઝર્વ ૬૩૦ બિલિયન ડોલરને પાર કરી ગયું છે. કોરોનાના આ સમયમાં પણ ભારતે પોતાની અર્થવ્યવસ્થાની મજબૂતીથી દુનિયાનું ધ્યાન આકર્ષિત કર્યું છે. આ બજેટનું ફોકસ ગરીબ અને યુવાઓ પર છે. મૂળભૂત સુવિધાઓ આપવી અમારૂ લક્ષ્ય છે. તેમણે કહ્યું કે છેલ્લા સાત વર્ષમાં અમારી સરકારે ૩ કરોડ ગરીબોને પાકુ મકાન આપીને તેમને લાખોપતિ બનાવ્યા છે. હવે આશરે ૯ કરોડ ગ્રામીણ ઘરોમાં નળથી પાણી પહોંચવા લાગ્યું છે. તેમાંથી આશરે ૫ કરોડથી વધુ પાણીના કનેક્શન જલ જીવન મિશન હેઠળ છેલ્લા બે વર્ષમાં કરવામાં આવ્યા છે. બજેટમાં જાહેરાત કરવામાં આવી



કે આ વર્ષે આશરે ૪ કરોડ ગ્રામીણ ઘરોને પાણીનું કનેક્શન આપવામાં આવશે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે જે લોકો ગરીબ હતા તેઓ ઝૂંપડપટ્ટીમાં રહેતા હતા, હવે તેમની પાસે પોતાનું ઘર છે. આ મકાનો માટેની રકમ પણ અગાઉની સરખામણીએ વધી છે અને બાળકોને અભ્યાસ માટે જગ્યા મળી રહે તે માટે મકાનોની સાઈઝ પણ વધી છે. મોટી વાત એ છે કે આમાંના મોટાભાગના ઘરો મહિલાઓના નામે છે, એટલે કે આપણે મહિલાઓને ઘરની માલિક બનાવી દીધી છે.

પીએમ મોદીએ કહ્યું કે હજારો કરોડ રૂપિયાની જોગવાઈ સાથે, ખાસ કરીને કેન-બેતવાને જોડવા માટે, યુપી અને એમપીના બુંદેલખંડ વિસ્તારની તસવીર પણ બદલાવા જઈ રહી છે. હવે બુંદેલખંડના ખેતરોમાં વધુ હરિયાળી આવશે, ઘરોમાં પીવાનું પાણી આવશે, ખેતરોમાં પાણી આવશે. પીએમ મોદીએ કહ્યું કે, આ સમય નવી તકોનો છે, નવા સંકલ્પોને પૂર્ણ કરવાનો સમય છે. તેમણે કહ્યું કે, ભારત આત્મનિર્ભર બને તે ખૂબ જ મહત્વપૂર્ણ છે અને આત્મનિર્ભર ભારતના પાયા પર આધુનિક ભારતનું નિર્માણ થવું જોઈએ. વડાપ્રધાનના જણાવ્યા અનુસાર, વર્ષ ૨૦૧૩-૧૪માં ભારતની નિકાસ ૨ લાખ ૮૫ હજાર કરોડ રૂપિયા હતી. આજે ભારતની નિકાસ ૪ લાખ ૭૦ હજાર કરોડ રૂપિયાની આસપાસ પહોંચી ગઈ છે.

### બજેટના પહેલા દિવસે લોકસભામાં રાષ્ટ્રપતિએ કરેલ અભિભાષણ પર આભાર પ્રસ્તાવ રજૂ થશે

બજેટ સત્રના ત્રીજા દિવસે લોકસભામાં રાષ્ટ્રપતિના અભિભાષણ પર આભાર પ્રસ્તાવ પર કોંગ્રેસના નેતા રાહુલ ગાંધી પ્રથમ વક્તા હશે. કુલ ૧૨ કલાકના ચર્ચાના સમયમાંથી એક કલાક વિપક્ષ કોંગ્રેસને ફાળવવામાં આવ્યો છે. નાણા પ્રધાન નિર્મલા સીતારમણે મંગળવારે સંસદમાં બજેટ રજૂ કર્યા પછી તરત જ, રાહુલ ગાંધીએ ટ્વિટર પર કેન્દ્રને બજેટ પર 'ઝીરો-સમ બજેટ ગણાવ્યું હતું. નાણાપ્રધાને કહ્યું કે તેઓ "ટીકા"નો સામનો કરવા તૈયાર છે, પરંતુ એવા કોઈ વ્યક્તિ દ્વારા આવા નિવેદનો ન કરવા જોઈએ જે ફક્ત ટ્વિટર પર પોસ્ટ કરવા માટે હોય, ખાસ કરીને એવા વ્યક્તિ દ્વારા કે જેણે પોતાનું હોમવર્ક યોગ્ય રીતે કર્યું નથી. રાજ્યસભામાં રાષ્ટ્રપતિના અભિભાષણ પર ધન્યવાદ પ્રસ્તાવ પર ૧૨ કલાક ચર્ચા થશે અને ૮ ફેબ્રુઆરીએ વડાપ્રધાન નરેન્દ્ર મોદી તેનો જવાબ આપી શકે છે. અધ્યક્ષ એમ વેંકૈયા નાયડુની અધ્યક્ષતામાં રાજ્યસભાની વ્યવસાય સલાહકાર સમિતિની મંગળવારે બેઠક મળી, જેમાં આભાર પ્રસ્તાવ અને કેન્દ્રીય બજેટ (૨૦૨૨-૨૩) પર ચર્ચા માટે સમય ફાળવવામાં આવ્યો. રાષ્ટ્રપતિના અભિભાષણ પર ચર્ચા દરમિયાન સભ્યોએ તેમના વિવિધ મુદ્દાઓ રજૂ કર્યા હતાં.




# મોદી અને માલ્યા પૈસા આપવા તૈયાર હોય તો કેસ પુરો કરો : સુપ્રીમ




(એ.આર.એલ),નવીદિલ્હી,તા.૨

સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકારને પૂછ્યું હતું કે જો વિજય માલ્યા અને નીરવ મોદી જેવા ભાગેડુ ઉદ્યોગપતિઓ પૈસા પરત કરવા તૈયાર છે તો શા માટે તેમને ભારત પાછા લાવીને તેમની સામેના તમામ ગુનાહિત કેસ પરત લેવા અંગે વિચારણા ન કરવી. સીબીઆઈ અને એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ જેવી એજન્સીઓ આના જેવા ડઝનબંધ ભાગેડુ વેપારીઓને પરત લાવવા માટે વર્ષોથી સખત મહેનત કરી રહી છે. આ લોકોએ બેંક સાથે હજારો કરોડની છેતરપિંડી કરી છે અને હવે ફરાર થઈ ગયા છે.

જસ્ટિસ સંજય કિશન કૌલ અને એમએમ સુંદરે કહ્યું કે આ તપાસ એજન્સીઓ ભાગેડુ વેપારીઓને પરત લાવવા માટે વર્ષોથી પ્રયાસ કરી રહી છે. આ હોવા છતાં, તેમના વળતરની કોઈ ૧૦૦% તક નથી. આવી સ્થિતિમાં જો આ ઉદ્યોગપતિઓ બેંકોના પૈસા પરત કરવા તૈયાર હોય તો પૈસા ૫ । । છ । લઈને તેમની સામેના તમામ કેસ કેમ પાછા ખેંચી લેતા નથી. સુપ્રીમ કોર્ટ સ્ટર્લિંગ ગ્રુપના હેમંત હાથી સામેના કેસની સુનાવણી કરી રહી હતી. તેમની સામે ૧૪૫૦૦ કરોડની છેતરપિંડીનો આરોપ છે. આ કેસના તમામ આરોપીઓ ભારતમાંથી ફરાર છે અને વિદેશમાં રહે છે. આ ઉપરાંત, વિજય માલ્યા અને નીરવ મોદી જેવા ડઝનબંધ ઉદ્યોગપતિઓ છે જે હાલમાં અન્ય દેશોમાં રહે છે.

હેમંત હાથીએ પોતાના વકીલ મારફત કહ્યું કે તે પૈસા પરત કરવા તૈયાર છે. જો કે, તેને ખાતરીની જરૂર છે કે તે ભારત પરત ફરશે ત્યારે તેની સામેના તમામ કેસ પાછા ખેંચી લેવામાં આવશે અને તેને હેરાન કરવામાં આવશે નહીં.















# દલખાણીયા રેન્જમાં ઈનફાઈટમાં વધુ એક સિંહબાળનું મોત નિપજયુ

## સિંહબાળના મૃતદેહને એનિમલ કેર ખાતે ખસેડાયો, સિંહપ્રેમીઓમાં રોષ

અમરેલી,તા.૨

અમરેલી જિલ્લામાં છેલ્લાં એક વર્ષમાં સિંહોના કમોતની ઘટનાઓ વારંવાર બનવા પામતી હોવાથી સિંહપ્રેમીઓમાં ભારે રોષની લાગણી પ્રસરી છે. સિંહોના મોત મામલે વનવિભાગની ઢીલી નીતિ કારણભૂત હોવાનું પણ ચર્ચાઈ રહ્યુ છે. ધારી ગીર પૂર્વના દલખાણીયા રેન્જમાં વધુ એક સિંહબાળનું મોત નિપજયુ હોવાનુ જાણવા મળ્યુ છે. દલખાણીયાના રામગઢ બીટ ખડસાલા વિસ્તારમાં આશરે ૩થી ૬ માસનું નર સિંહબાળનું બચ્ચુ મૃત હાલતમાં મળી આવ્યુ હતું. આ ઘટનાની જાણ થતા આરએફઓ સહિત વનવિભાગનો સ્ટાફ ઘટનાસ્થળે દોડી ગયો હતો અને તપાસ કરતા કંઈપણ શંકાસ્પદ ન દેખાતા આ સિંહબાળનું મોત ઈનફાઈટમાં થયુ હોવાનુ પ્રાથમિક તારણ લગાવાઈ રહ્યુ છે. ડીસીએફની હાજરીમાં સિંહબાળના મૃતદેહને આંબરડી એનિમલ કેર સેન્ટર ખાતે ખસેડવામાં આવ્યો હતો.

# રાજુલા તાલુકા સરપંચ એસો. દ્વારા વિવિધ પ્રશ્ને ટીડીઓને આવેદન

રાજુલા,તા.૨


તસવીર : અમરૂભાઈ બારોટ

રાજુલા તાલુકા સરપંચ એસોસિયેશન દ્વારા તાલુકાના વિવિધ પ્રશ્ને તાલુકા વિકાસ અધિકારીને આવેદનપત્ર પાઠવ્યુ હતું. જેમાં ખાસ કરીને સરકારના નિયમ મુજબ ગ્રામ પંચાયતના વિકાસના કામોમાં જુના ભાવ મુજબ કામો નક્કી કરવામાં આવ્યા છે પરંતુ હાલના સમયે ઈંટ, રેતી, કપચી, સિમેન્ટના ભાવોમાં તોતિંગ વધારો થયો છે જેથી જુના ભાવ મુજબ કામો થઈ શકતા નથી તો નવા એસઓઆર મંજૂર કરવામાં આવે તેવી રજુઆત કરવામાં આવી હતી. આ તકે મનુભાઈ ધાખડા, ભૌતિકભાઈ કિકાણી, વિરભદ્રભાઈ ડાભીયા, પ્રકાશભાઈ ખુમાણ સહિતના સરપંચો જોડાયા હતા.

# અમરેલી જિલ્લા ભાજપ બક્ષીપંચ મોરચા દ્વારા સભ્ય નોંધણી ઝુંબેશ

અમરેલી,તા.૨



વડીયાના ખડખડ પાસે આવેલા રણુજા ધામ ખાતે જિલ્લા બક્ષીપંચ મોરચાના સભ્ય નોંધણી ઝુંબેશનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. બેઠકમાં બક્ષીપંચ મોરચાના પ્રમુખ રાજુભાઈ ભુતૈયાએ સભ્યોને ઈ-શ્રમ કાર્ડ કેમ્પ યોજવા, મોદી એપ લાઉનલોડ કરવી, કેન્દ્ર અને રાજય સરકારની માહિતી છેવાડાના વિસ્તારો સુધી પહોંચાડવી તેમજ ૧૦૦૦ જેટલા સભ્યોની નોંધણી કરી જિલ્લાના હોદ્દેદારો અને સ્ટેટ બોર્ડને જાણ કરવા માર્ગદર્શન આપ્યુ હતું.

# જિલ્લામાં વીજ ધાંધિયા મામલે ડાયમંડ ઉદ્યોગકારો દ્વારા આવેદન પત્ર પાઠવાયું

અમરેલી, તા. ૨



અમરેલી જિલ્લામાં વીજ ધાંધિયા અંગે ડાયમંડ એસો. દ્વારા આવેદનપત્ર પાઠવી રજૂઆત કરવામાં આવી હતી. કોરોના કાળમાં હીરા ઉદ્યોગને મોટો ફટકો પડ્યો છે. હાલમાં કોરોના થોડો નબળો પડ્યો છે ત્યારે પણ વીજ ધાંધિયાના કારણે હીરા ઉદ્યોગ પર માઠી અસર પડી રહી છે. અમરેલી જિલ્લામાં ડાયમંડના યુનિટો મોટી સંખ્યામાં છે. જિલ્લો ખેતી અને હીરા ઉદ્યોગ પર નભે છે. હાલમાં હીરા ઉદ્યોગમાં તેજી છે ત્યારે આ મોકાના સમયે જ વીજળી ઝટકા મારતા હીરા ઉદ્યોગોને નુકસાની સહન કરવાનો વારો આવ્યો છે. અમરેલી જિલ્લા ડાયમંડ એસો દ્વારા મુખ્ય પીજીવીસીએલ અધિકારીને આવેદન પત્ર પાઠવી વીજ પુરવઠો નિયમિત અને યોગ્ય રીતે આપવા રજૂઆત કરી હતી.

# નાણામંત્રીના બજેટને આવકારતા સાંસદ નારણભાઈ કાછડીયા


અમરેલી,તા.૨



કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતારમણ દ્વારા આજે સામાન્ય બજેટ ૨૦૨૨-૨૩ રજૂ કરવામાં આવ્યુ હતું. આ બજેટને અમરેલીના સાંસદ નારણભાઈ કાછડીયાએ આવકારી આત્મનિર્ભર ભારતનુ મજબૂત બજેટ ગણાવ્યુ હતું. સાંસદે જણાવ્યુ હતું કે, કેન્દ્ર સરકારે ખેડૂતો, રોજગાર, શિક્ષણ સહિતના પ્રાથમિક મુદાઓને આવરી લીધા છે. મજબુત બજેટ બદલ પ્રધાનમંત્રી અને નાણામંત્રીનો સાંસદે આભાર માન્યો હતો.

# અમરેલી જિલ્લાના મહેસુલ વિભાગના અધિકારીઓ સાથે કલેકટરે યોજી બેઠક

અમરેલી તા.૨



અમરેલી જિલ્લા કલેકટર ગૌરાંગ મકવાણાએ અરજદારો દ્વારા આપવામાં આવેલી અરજી કે કેસોમાં પારદર્શીતા જળવાઈ રહે તેવા આશયથી મહેસુલ વિભાગના અધિકારીઓ સાથે સમીક્ષા બેઠક યોજી હતી. મહેસુલ વિભાગના પોર્ટલ પર અરજીઓની સમયસર અને નિયમિત રીતે એન્ટ્રી થાય તે માટે આ બેઠક યોજવામાં આવી હતી. ઓનલાઈન બેઠકમાં જિલ્લાના મામલતદારો અને રેવન્યુ વિભાગના કર્મીઓ જોડાયા હતાં.

# ધારી રેલ્વે ફાટક પાસે વીજ લાઈન ચાલુ થતાં લોકોમાં ખુશી


તસવીર : સંજય વાળા

ધારી તા.૨

ધારી ગામે તૌકતે વાવાઝોડામાં રેલ્વે ફાટક પાસે નીકળતી વીજ પાવર લાઈન બંધ હોવાથી તાલુકા પંચાયત સદસ્ય જયદીપભાઈ બસીયાની ગ્રામ પંચાયતની ટીમ દ્વારા આ વીજ લાઈન ચાલુ કરાવતાં લોકોમાં ખુશી જોવા મળી હતી.

# અમરેલી જિલ્લા પંચાયતના સદસ્ય દ્વારા નાગેશ્રીના કેન્સરગ્રસ્તોને સહાય

જાફરાબાદ,તા.૨



રાજય સરકારની કેન્સરના દર્દીઓ માટે આપવામાં આવતી આર્થિક સહાય આશીર્વાદરૂપ બની છે. જેમાં જાફરાબાદના નાગેશ્રી ગામે રહેતા બાબુભાઈ જોગદીયા અને કાદરભાઈ મુજેત્રાને જિલ્લા પંચાયતના સદસ્ય કરશનભાઈ ભીલ અને તાલુકા પંચાયતના કારોબારી ચેરમેન ભીમભાઈ વરૂ દ્વારા રૂા.૧૦ હજારનો ચેક અર્પણ કરવામાં આવ્યો હતો. આ તકે વિજયભાઈ વરૂ, મુનાભાઈ, દેવાભાઈ વરૂ, પ્રભાતભાઈ વરૂ હાજર રહ્યાં હતા.

# રાજુલા-મહુવા વાયા દાતરડી બસની અનિયમિતાથી વિદ્યાર્થીઓમાં રોષ

અમરેલી,તા.૨

રાજુલાથી મહુવા વાયા વિકટર અને દાતરડી ચાલતી એસટી બસ છેલ્લાં ઘણા સમયથી અનિયમિત હોવાથી વિદ્યાર્થીઓમા એસ.ટી.તંત્ર સામે ઉગ્ર રોષ જોવા મળી રહ્યો છે. એસ.ટી.ની અનિયમિતતા બાબતે વિદ્યાર્થીઓએ એસટી નિયામકને પત્ર પાઠવી રજુઆત કરી હતી અને આ પ્રશ્નનો તાકિદે ઉકેલ નહી આવે તો આંદોલનની ચિમકી પણ ઉચ્ચારી હતી. વિદ્યાર્થીઓએ રજૂઆતમાં જણાવ્યુ હતું કે રાજુલાથી મહુવા વાયા દાતરડી વિકટર બસ સવારના સમયે આવતી નથી. બગદાણાથી પોરબંદર અને ભગુડાથી વેરાવળ બસ સવારના સાત વાગ્યા સુધીમા આવે છે. પરંતુ કોરોના ગાઈડલાઈનને કારણે બસમા મુસાફરોને બેસાડવામા આવતા નથી. જેના કારણે વિદ્યાર્થીઓને મુશ્કેલી પડી રહી છે. વિકટર અને દાતરડી તેમજ મહુવાથી રાજુલા તરફ અપડાઉન કરતા વિદ્યાર્થીઓ તેમજ ધંધા, નોકરી માટે જતા લોકો મુસાફરી કરતા હોય છે. ત્યારે મહુવાથી સવારે ૭ વાગ્યે વાયા દાતરડી બસ શરૂ કરવામા આવે તો ફાયદો થઈ શકે તેમ છે અને જો આ બાબતે એસ.ટી.તંત્ર તરફથી કોઈ યોગ્ય કાર્યવાહી કરવામાં નહી આવે તો આંદોલન કરવાની પણ ચિમકી ઉચ્ચારવામાં આવી છે.

# સાવરકુંડલા માર્કેટીંગ યાર્ડ ખાતે પ્રધાનમંત્રીનો આત્મનિર્ભર કાર્યક્રમ નિહાળતા આગેવાનો

સાવરકુંડલા,તા.૨



સાવરકુંડલાના માર્કેટીંગ યાર્ડ ખાતે પ્રધાનમંત્રીના આત્મનિર્ભર અર્થવ્યવસ્થાના કાર્યક્રમને આગેવાનોએ નિહાળ્યો હતો. માર્કેટીંગ યાર્ડ ખાતે યોજાયેલા આ કાર્યક્રમમાં યાર્ડના ચેરમેન દિપકભાઈ માલાણી, જિ.પં.સદસ્ય પુનાભાઈ ગજેરા, લાલભાઈ મોર, શરદભાઈ ગૌદાની, જીવનભાઈ વેકરીયા, ચેતનભાઈ માલાણી, જયસુખભાઈ સાવલીયા, નિલેશભાઈ કચ્છી, સંજયભાઈ બરવાળીયા સહિત ભાજપ આગેવાનો જોડાયા હતા તેમ સતિષભાઈ મહેતા અને હરેશભાઈ બોરીસાગરની યાદીમાં જણાવાયુ છે.

Jitendra Sanghani
Cell : 98254 22922
MARUTI SUZUKI
મારૂતિ સુઝુકી સર્વિસ સ્ટેશનનું એકમાત્ર સ્થળ તથા
સંપૂર્ણ આધુનિક સુવિધા સાથેનો વિશ્વાસપાત્ર અને અનુભવી સ્ટાફ
કારકેર સેન્ટર
(Maruti Authorised Workshop)

વ્હીલ એલાઈમેન્ટ,વ્હીલ બેલેન્સીંગ, મીકેનીક કામ,
રીપેરીંગ, વોશિંગ તેમજ સર્વિસ કરી આપનાર
ચકકરગઢ રોડ, અમરેલી-૩૬૫ ૬૦૧
ફોન: ૦૨૭૯૨ ૨૨૦૦૯૯, E-mail: carcarerushi@rediffmail.com

॥ શ્રી વલ્લભ ॥


જનરેટરની વિશાળ રેન્જ માત્ર અમરેલીમાં
Navnit HONDA GENERATORS
ગોપી સિનેમા પાસે, નવનીત હિરોની બાજુમાં,
સ્ટેશન રોડ,અમરેલી ફો. 7574827300

## જાહેર નોટીસ

આથી અમો નીચે સહી કરનાર એડવોકેટ **દિપક વી. નાગ્રેચા**, અમરેલીના આથી આ નોટીસ આપી જણાવીએ છીએ કે,

અમારા અસીલ **(૧) શ્રી નટવરલાલ હંસરાજભાઈ માધાણી તથા નં.(૨) શ્રી ઇલાબેન નટવરલાલ માધાણી**એ અમો પાસે અમરેલી તાલુકાના અમરેલી શહેરમાં સુધરાઈ હદમાં આવેલ ચકકરગઢ રોડ રસ્તે આવેલ બીનખેડવાણ જમીન માહેનું રહેણાંક મકાન જેનો **રે.સ.નં. ૧૧૦૦ પૈકી** જમીન **પ્લોટ નં.૨૩ પૈકીની** જમીન મકાન મિલ્કત તેના **ચો.મી-૯૬-૭૫** છે. સદરહુ મિલ્કતવાળી પ્લોટની જમીન મિલ્કતના મુળ માલીક દિનેશચંદ્ર રામજીભાઈ સેંજલીયાની વડીલોપાર્જીતની હતી અને વારસાઈ નાતે તેઓના માલીકી હકકે આવેલ તેઓ પાસેથી મઘુભાઈ ગોવિંદભાઈ મકાણીએ તા.૨૯/૦૩/૯૩ના રોજ રજી.વે.દ.નં.૪૭૦ થી ચો.મી ૧૨૧-૬૫ તથા તા.૦૨-૦૩-૨૦૦૧ના રોજ રજી.વે.દ.નં.૪૧૭ થી ચો.મી ૧૪૪-૦૦ની જમીન વેચાણ રાખેલ અને તેમની પાસેથી તેમના કુ.મુ અરવિંદભાઈ વલ્લભભાઈ ગજેરા પાસેથી કમુબાઈબેન ભાવગીરી ગોસાઈએ **તા.૧૯-૦૮-૨૦૦૨** ના રોજ **રજી.વે.દ.નં.૨૧૬૨** થી વેચાણ રાખેલ અને તેઓ પાસેથી સદરહુ મિલ્કત બેચરભાઈ જાદવભાઈ પટેલે **તા.૧૧-૦૭-૨૦૦૩** ના રોજ **રજી.વે.દ.નં.૧૭૧૨** થી વેચાણ રાખેલ હતી અને તેઓ પાસેથી અમારા ઉપરોકત અસીલ **(૧) શ્રી નટવરલાલ હંસરાજભાઈ માધાણી તથા નં.(૨) શ્રી ઈલાબેન નટવરલાલ માધાણી** સદર મિલ્કત **તા.૦૯/૧૨/૨૦૦૩** ના રોજ **રજી.વે.દ.નં.૨૧૮૫** થી ખરીદ કરેલ છે. તે મિલ્કતના ટાઈટલ કલીયર માટે માંગણી કરતા હોઈ તે રીતે સદરહુ મિલ્કતનો અગાઉના વેચાણ વ્યવહાર ઉપરોકત કુલમુખત્યાર દરજજે થયેલ છે.

તો ઉપરોકત મિલ્કતમાં અન્ય કોઈ ઈસમ/ વ્યક્તિનું કે કોઈ નાણાકીય સંસ્થા કે અર્ધ સરકારી સંસ્થાનું હિત સમાયેલ હોય, કે ઉપરોકત મિલ્કત કોઈની પાસે ગીરો થયેલ હોય, કે તેના પર બોજો કરવામાં આવેલ હોય તો, અથવા કોઈ ઈસમ/ વ્યકિતનો લાગ ભાગ, હકક-હિસ્સો હોય અથવા આ મિલ્કત અગાઉ કુલમુખત્યારનામું આપનાર દવારા તેને અગાઉ રદ કરવામાં આવેલ હોય તો કુ.મુ. દવારા ઉપરોકત વેચાણ વ્યવહાર થયેલ હોઈને, જેથી નિયમ અનુસાર સદરહુ મિલ્કતનો ટાઈટલ કલીયર રીપોર્ટ આપતા પહેલા જાહેર જનતાને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે,

આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિવસ ત્રણમાં સદરહુ મિલ્કત અંગે કોઈને કઈ પણ હરકત, વાંધા તકરાર, હોય તો લેખીતમાં આધાર પુરાવા સાથે અમોના નીચે જણાવેલ સરનામે જણાવવુ, અન્યથા તે અંગે કોઈને હરકત, વાંધા તકરાર, સરખુ નથી અને જો હોય તો તેમણે સ્વેચ્છાએ જતા(વેઈવ) કરેલ છે. તેમ માની અને તેઓને અમારા તરફથી ટાઈટલ કલીયર રીપોર્ટ / એન.ઓ.સી. ઈસ્યુ કરવામાં આવશે ઉપરોકત સમય વિત્યા બાદ તે અંગેની કઈ પણ વાંધા તકરાર ગ્રાહય રાખવામાં આવશે નહી તેની જાહેર જનતા તેમજ લાગતા વળગતા સર્વેએ નોંધ લેવી.

તા.૦૨/૦૨/૨૦૨૨
અમરેલી.
૧૧૭, ફસ્ટ ફલોર, નારણ આર્કેડ,
ભીડભંજન મહાદેવ મંદિર સામે, લીલીયા રોડ, અમરેલી.

સહી
દિપક વી. નાગ્રેચા
એડવોકેટ-અમરેલી.

હાલમાં ૨૨૬ એક્ટિવ કેસ, ૧૧ લોકો હોસ્પિટલમાં

# અમરેલી જિલ્લામાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના વધુ ૫૩ કેસ

અમરેલી, તા. ૨

અમરેલી જિલ્લામાં કોરોનાના કેસોમાં રોજબરોજ નોંધપાત્ર વધઘટ થઈ રહી છે. જેમાં છેલ્લા ૨૪ કલાકમાં ૫૩ કેસો નોંધાયા છે. જેમાં અમરેલી, ધારી તથા કુંકાવાવ તાલુકામાં ૧૧-૧૧ કેસો નોંધાયા છે. જ્યારે સાવરકુંડલામાં ૯, બગસરામાં ૫, જાફરાબાદ તથા રાજુલામાં ૨-૨, લાઠી તથા લીલીયામાં ૧-૧ કેસ મળી જિલ્લામાં કુલ ૫૩ કેસો પોઝિટિવ આવ્યા છે. જ્યારે હાલમાં ૨૨૬ એક્ટિવ કેસો છે. જે પૈકી કુલ ૧૧ લોકો હોસ્પિટલમાં સારવાર લઈ રહ્યા છે. જ્યારે આજે૮૦ લોકોને હોસ્પિટલમાંથી ડિસ્ચાર્જ કરવામાં આવ્યા છે.

જિલ્લામાં વેક્સિનેશનની કામગીરી પણ પૂરજોશમાં ચાલી રહી છે. લોકોમાં જાગૃતિ જોવા મળી રહી છે અને દરરોજ મોટી સંખ્યામાં લોકો રસીકરણ કરાવી રહ્યા છે. જેમાં છેલ્લા ૨૪ કલાકમાં જિલ્લામાં ૬૦૪૩ લોકોએ રસીનો ડોઝ લીધો છે. જ્યારે વધુ ૨૩૫૧ લોકોના કોરોના સેમ્પલ લેવામાં આવ્યા છે. ઉલ્લેખનીય છે કે, અત્યાર સુધીમાં ૨૧,૧૮,૪૯૧ ડોઝ અપાઈ ચૂક્યા છે.

# લાઠી, બાબરાના લોકોને તેમની સમસ્યાઓ જણાવવા અપીલ

અમરેલી, તા. ૨



લાઠી-બાબરા વિસ્તારના લોકોને તેમની સમસ્યાઓ વ્હોટસએપ નંબર પર મોકલી આપવા ધારાસભ્ય વિરજીભાઈ ઠુંમરે અપીલ કરી છે. ધારાસભ્ય ઠુંમરે જણાવ્યું કે, રાજ્યના મતદારોની સાથે વિધાનસભા વિસ્તારમાં બેરોજગાર યુવાન મિત્રોના પ્રશ્નો, ખેડૂતોના પ્રશ્નો, વિદ્યાર્થીઓ, મજદુર, વેપારીઓ સહિતના અન્ય લોકો દ્વારા કોઈ મહત્વના પ્રશ્નો, સમસ્યાઓ હોય તો અમે તે પ્રશ્ન અને સમસ્યાઓને વિધાનસભામાં રજૂ કરી ઉકેલ લાવવાનો પ્રયત્ન કરીએ છીએ. મતદારો અને અગ્રણીઓ દ્વારા વ્હોટસએપ નંબર તેમજ કાર્યાલય પર પ્રશ્નો અને સમસ્યાઓ મોકલવામાં આવી રહી છે.

ચેરિટી કમિશ્નર દ્વારા નોટીસ ફટકારી ખુલાસો કરવા જણાવાયું

# ધરાઈમાં હવેલીની જમીન બારોબાર વેચી નાખ્યાનો ટ્રસ્ટીઓ સામે આક્ષેપ

અમરેલી, તા. ૨

બાબરાના ધરાઈ ગામે આવેલ બાલમુકુંદજીની હવેલીની જમીન અન્ય ટ્રસ્ટીઓની પરવાનગી વિના તેમની જાણ બહાર બારોબાર વેચી નાખ્યાનો સમીરભાઈ જોષી દ્વારા આક્ષેપ કરાતા ખળભળાટ મચી જવા પામ્યો છે. આ સાથે જ ચેરિટી કમિશ્નર-અમરેલી દ્વારા આ મામલે નોટીસ ફટકારી ખુલાસો કરવા જણાવવામાં આવ્યું છે.

ધરાઈ બાલમુકુંદજી હવેલી ટ્રસ્ટ પાસે ખેતીની જમીન અને મકાનો સહિતની મિલકતો છે. હાલમાં ટ્રસ્ટના એક ટ્રસ્ટી દ્વારા ચાર એકરથી વધુ જમીન અન્ય ટ્રસ્ટીઓની જાણ બહાર જ બારોબાર વેચી નાખી તેના નાણા સેરવી લીધાની ચેરિટી કમિશ્નર સમક્ષ ફરિયાદ થઈ છે. આ જમીનના વેચાણ પેટે આવેલી રકમ ટ્રસ્ટમાં જમા લેવામાં આવેલ નથી. એક ટ્રસ્ટી સામે આ આક્ષેપ કરાયો છે. તેમજ હવેલીના એક મકાન પર પણ ગેરકાયદેસર કબજો જમાવી લેવાયાનો અન્ય એક ટ્રસ્ટી સામે આક્ષેપ કરાયો છે. ત્યારે આ મુદ્દે ચેરિટી કમિશ્નર દ્વારા લાગતા વળગતા તમામ ટ્રસ્ટીઓને નોટીસ ફટકારી જવાબ રજૂ કરવા જણાવવામાં આવ્યું છે.

# સત્તાધારના મહંત પૂ.વિજયબાપૂ દ્વારા માનવમંદિર ખાતે દાન

અમરેલી,તા.૨



ભારત દેશમાં પર્વ પર દાનનું અનેરૂ મહત્વ છે. પર્વ પર દિકરીઓને ખીચડો દેવાનો પણ રીવાજ છે ત્યારે સાવરકુંડલાના માનવમંદિર ખાતે સત્તાધારના મહંત દ્વારા અનાજ અને રોકડ રકમનું દાન અર્પણ કરવામાં આવ્યુ હતુ. સત્તાધારના મહંત પૂ.વિજયબાપૂ માનવમંદિરની સમયાંતરે મુલાકાત લે છે. આ આશ્રમમાં ચાલતી મનોરોગી મહિલાઓ માટે સેવાયજ્ઞ ભક્તિરામબાપૂ વર્ષોથી ચલાવી રહ્યાં છે ત્યારે સત્તાધારના મહંત દ્વારા ખીહરના ખીચડા પેટે ૨૦ કટા ચોખા, ૧૫ મણ ઘઉં અને ૬ બાચકા મગફળીની સાથે રૂા.૧૧૦૦૦ રોકડા અર્પણ કરવામાં આવ્યા હતા.

# ધારી માર્કેટિંગ યાર્ડ ખાતે વડાપ્રધાનનો આત્મનિર્ભર અર્થવ્યવસ્થા કાર્યક્રમ નિહાળ્યો

ધારી, તા. ૨



તસ્વીર : સંજય વાળા

ભાજપ અગ્રણીઓની બહોળી ઉપસ્થિતિમાં ધારી માર્કેટિંગ યાર્ડ ખાતે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના આત્મનિર્ભર અર્થવ્યવસ્થા કાર્યક્રમને નિહાળવાનું આયોજન કરાયું હતું. આ તકે જિલ્લા ભાજપ પ્રમુખ કૌશિક વેકરીયા, તાલુકા પ્રમુખ જીતુભાઈ જોશી, અતુલભાઈ કાનાણી, મનસુખભાઈ ભુવા, ખોડભાઈ ભુવા, જિગ્નેશગીરી ગોસાઈ, કમળાબેન ભુવા, રમેશભાઈ વાઘેલા, જયદીપભાઈ બસીયા, રમેશભાઈ મકવાણા, હીનાબેન રાવળ, મધુબેન જોષી, સરોજબેન દેવમુરારી, આરતીબેન ગોસાઈ, પુનમબેન મકવાણા, નિર્મળાબેન લુણગાતર, ચિંતન રંગપરીયા, ભરતભાઈ ડાભી, વિનુભાઈ સરવૈયા, ચેતનભાઈ પ્રજાપતિ, અશ્વિનભાઈ કુંજડીયા, અરવિંદભાઈ દવે, મૃગેશભાઈ કોટડીયા, વિપુલભાઈ બુહા, મીત બોરડ, હિંમતભાઈ ખેતરીયા, સંજય વાળા સહિતનાઓ ઉપસ્થિત રહ્યા હતા.

# સાવરકુંડલામાં પરિણીતાના આપઘાત કેસમાં આરોપીઓનો નિર્દોષ છૂટકારો

અમરેલી, તા. ૨

સાવરકુંડલામાં પરિણીતાના આપઘાત કેસમાં પતિ સહિત સાસરીયાઓનો નિર્દોષ છૂટકારો થયો છે. ફરિયાદમાં જણાવાયા મુજબ, ગુજરનાર મીનાબેનના લગ્ન સાવરકુંડલાના નિલેશભાઈ પરમાર સાથે થયેલ હતા અને ૨૫-મે-૨૦૨૦ના રોજ જન્મદિવસના અનુસંધાને આરોપી નિલેશભાઈ, સાસુ દિવાળીબેન, દિયર તુષારભાઈ તથા સસરા કાંતિભાઈ પરમારે મીનાબેન સાથે ઝઘડો કરી તેમને ત્રાસ આપ્યો હતો, બાદમાં પરિણીતા મીનાબેને ગળાફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો.

આ અંગેનો કેસ સાવરકુંડલા એડી. સેશન્સ કોર્ટમાં ચાલી જતા અમરેલીના સિનિયર એડવોકેટ ઉદયનભાઈ ત્રિવેદી તથા સાવરકુંડલાના કેશુભાઈ વાઘેલાની ધારદાર દલીલોને માન્ય રાખી કોર્ટે આરોપીઓને નિર્દોષ છોડી મુકવા હુકમ કર્યો હતો.

# કરિયાણામાં પરિણીતાને સાસરીયાનો ત્રાસ

બાબરા, તા. ૨

બાબરા તાલુકાના કરીયાણા ગામે પતિએ પત્નીને ઘરમાંથી કાઢી મુકી હતી. ઉપરાંત સાસરિયા અવાર નવાર ત્રાસ આપતા હતા. જેને લઈ તેણે પતિ સહિત સાસરિયા સામે ફરિયાદ નોંધાવી હતી. ચંદ્રીકાબેન જાદવ (ઉ.વ.૨૩)એ તેના પતિ વિક્રમભાઈ ખોડાભાઈ જાદવ, સસરા ખોડાભાઈ રાજાભાઈ જાદવ સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ પતિ તથા સસરા અવાર નવાર શારીરિક માનસિક દુઃખ ત્રાસ આપી ઘરેથી કાઢી મુકતા હતા. ઉપરાંત પતિએ ઢીકાપાટુનો મુંઢ માર મારી જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. બાબરા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ ડી.બી. ડાંગર વધુ તપાસ કરી રહ્યા છે.

## અવસાન નોંધ

**રાજુલા**

દામજીભાઇ બાવભાઇ સાંખટ (ઉ.વ.૮૫) તે અશોકભાઇ અને અરવિંદભાઇના પિતાશ્રી તેમજ અમિતભાઇ અને મિતભાઇના દાદાનું તા. ૨ ના રોજ અવસાન થયેલ છે.

**સાવરકુંડલા**

સાવરકુંડલાના વતની કિશોરભાઇ ભટ્ટના પુત્ર સ્વ. રસિકભાઇ ભટ્ટ (ઉ.વ.૪૨)નું તા. ૧ ના રોજ અવસાન થયેલ છે. સદ્‌ગતનું બેસણું તા. 3 ના રોજ સાંજે ૪ થી ૫ કલાકે સનાળા રોડ, ચિત્રકુટ સોસાયટી શેરી નં. ૬ની બાજુની બંધ શેરી-મોરબી ખાતે રાખેલ છે.

**સાવરકુંડલા**

વિજયાબેન હરદેવભાઇ ઠાકર (ઉ.વ.૮૨)નું તા. ૧ના રોજ અવસાન થયેલ છે.

**સાવરકુંડલા**

ઘેલાશંકરભાઇ જોશી (ઉ.વ.૭૨)નું તા. ૩૧ના રોજ અવસાન થયેલ છે. સદ્‌ગતનું બેસણું તા. 3ના રોજ રાખેલ છે.

**સાવરકુંડલા**

ચંદ્રીકાબેન નટવરલાલ મેર (ઉ.વ.૭૬)નું તા. ૩૧ના રોજ દુઃખદ અવસાન થયેલ છે. સદ્‌ગતનું બેસણું તા. 3 ને ગુરૂવારના રોજ સાંજે ૪ થી ૬ કલાકે બ્રહ્મક્ષત્રિય જ્ઞાતિ વાડી, બનજારા હાઇસ્કૂલ પાછળ, નદી કાંઠે, સાવરકુંડલા ખાતે રાખેલ છે.

**સાવરકુંડલા**

બચુભાઇ રામજીભાઇ સોંડાગર (ઉ.વ.૮૨)નું તા. ૩૧ ને સોમવારના રોજ અવસાન થયેલ છે. સદ્‌ગતનું બેસણું તા. 3 ના રોજ સાંજે ૪ થી ૬ કલાકે ગોકુળનગર, નેસડી રોડ ખાતે તેમના નિવાસ સ્થાને રાખેલ છે.

**સાવરકુંડલા**

અંજવાળીબેન રામજીભાઇ ગોહિલ (ઉ.વ.૮૫)નું તા. ૧ના રોજ અવસાન થયેલ છે. સદ્‌ગતનું બેસણું તા. 3 ના રોજ સાંજે ૪ થી ૬ કલાકે સય-સુતાર જ્ઞાતિની વાડી, પોસ્ટ ઓફિસ રોડ, સાવરકુંડલા ખાતે રાખેલ છે.

**સાવરકુંડલા**

જુબેદાબેન દાદામીયા કાદરી (ઉ.વ.૮૨)નું તા. ૧ના રોજ દુઃખદ અવસાન થયેલ છે. તેઓ અમરેલી જિલ્લા બીબીસી ન્યૂઝના રિપોર્ટર ફારૂક કાદરીના માતુશ્રી થાય છે. મરહુમાની જિયારત તા. 3 ને ગુરૂવારે સવારે ૧૦ થી ૧૧ મદીના મસ્જિદ સાવરકુંડલા ખાતે અને ઔરતોની જિયારત આઝાદ ચોક, સાવરકુંડલા ખાતે રાખેલ છે. બપોરે ૪ થી ૬ બેસણું રાખેલ છે.

# ધારી તાલુકા બક્ષીપંચ મોરચાના ઉપપ્રમુખ તથા યુવા મોરચાના પ્રમુખની વરણી

અમરેલી, તા. ૨

અમરેલી જિલ્લા ભાજપ દ્વારા ધારી તાલુકા બક્ષીપંચ મોરચાના ઉપપ્રમુખ તથા તાલુકા યુવા મોરચાના પ્રમુખની વરણી કરવામાં આવી હતી. જેમાં ધારી તાલુકા બક્ષીપંચ મોરચાના ઉપપ્રમુખ તરીકે પ્રજાપતિ વિનોદભાઈ સરવૈયાને જવાબદારી સોંપવામાં આવી છે. જ્યારે ધારી તાલુકા યુવા મોરચાના પ્રમુખ તરીકે ચેતનભાઈ પ્રજાપતિની વરણી કરવામાં આવી છે. અખિલ ભારતીય પ્રજાપતિ કુંભાર સંઘના અમરેલી જિલ્લા અધ્યક્ષ અશ્વિનભાઈ પ્રજાપતિ તથા ગુજરાત જાગૃત પરિષદ અમરેલી જિલ્લા ટીમ દ્વારા આ વરણીઓને આવકારવામાં આવી છે અને નવા નિમાયેલા હોદેદારોને અભિનંદન પાઠવ્યા છે.


સંકુલ ગુજરાતી મીડીયમ B.Com. કોલેજ & ઈંગ્લીશ મીડીયમ B.Com. કોલેજ વ્યવસ્થા

★ બન્ને કોલેજમાં FY-SY-TY માં એપ્રિલ ૨૦૨૨ થી એડવાન્સમાં નવા પ્રવેશ શરૂ થશે.

★ એક સત્રની કોલેજ ફી અને એક સત્રનુ હોસ્ટેલ લવાજમ ભરવું

શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત-સંસ્થાપિત ★ શ્રીમતિ શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ, ચક્કરગઢ રોડ, અમરેલી ★ ફોન.:૦૨૭૯૨-૨૩૨૩૨૧ થી ૨૬ - Ad 163


-//સાવરકુંડલાના સબડીવીઝનલ મેજીસ્ટ્રેટ ની કોર્ટમાં//-

મરણ નોંધ પરચુરણ અરજી નં. ૦૧ /૨૦૨૨

અરજદાર.......(૧)શ્રી દુધરેજીયા જયાબેન રઘુરામભાઈ
રે.આકોલડા, તા.સાવરકુંડલા જી.અમરેલી
(૨) અરજદારના વકીલશ્રી અમીતભાઈ એમ. રાઠોડ
રે.ગણેશ કોમ્પ્લેક્ષ, મહુવા રોડ, સાવરકુંડલા

-//વિરૂધ્ધ//-

સામાવાળા.....તલાટી કમ મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી, આકોલડા, તા.સાવરકુંડલા

## જાહેર નોટીસ

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરાવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના સાવરકુંડલા તાલુકાના આકોલડા ગામના રહીશ શ્રી દુધરેજીયા જયાબેન રઘુરામભાઈ ના પતિ સ્વ.શ્રી રઘુરામભાઈ રામદાસભાઈ દુધરેજીયા નું અવસાન આકોલડા મુકામે તા.૧૬/૦૯/૧૯૮૮ ના રોજ થયેલ છે. જેની મરણનોંધણી મરણ રજીસ્ટરની નોંધ ગ્રામ પંચાયત કચેરી, આકોલડા ખાતે લખવાની રહી ગયેલ છે. જેની નોંધણીની માંગણી કરતા તે બદલ સામાવાળાએ અપ્રાપ્ય હોવાનો દાખલો કાઢી આપી જણાવેલ છે કે અરજદારના પતિ સ્વ.શ્રી રઘુરામભાઈ રામદાસભાઈ દુધરેજીયા ના મરણ નોંધ સને- ૧૯૮૮ માં થયેલ નથી. હાલ સરકારી કચેરી કામે જરૂરીયાત ઉભી થતા, જે નામ મરણ સજીસ્ટરે નોંધ કરાવવા અરજદારશ્રીએ તેમના વકીલશ્રી મારફત અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળા મરણ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં હાજર રહેવા મુદત તા.૦૪/૦૨/૨૦૨૨ ના રોજ ૧૧:૦૦ કલાકે રાખેલ છે. તો વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

આજ તા. ૩૧/૦૧/૨૦૨૨ ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

સહી.
સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ
સાવરકુંડલા


KAKA® PVC PROFILE

શ્રેષ્ઠ ક્યારેય સસ્તુ ન હોય, સસ્તુ ક્યારેય શ્રેષ્ઠ ન હોય.

નીર્મળ સાવલીયા ૯૮૭૯૬ ૬૭૭૭૧
સંજય સાવલીયા ૯૯૭૯૯ ૪૨૪૪૨

શ્રી વલ્લભ એન્ટરપ્રાઇઝ

કિચેન કેબિનેટ | માળીયા | ટી.વી. કેબિનેટ
વોલ પેનેલિંગ | સીલીંગ | પી.વી.સી. દરવાજા

ફાયદા : ઉધઈ પ્રુફ, પાણીની કોઈ અસર નહિ

ઓછા સમયમાં અસરકારક પ્રતિસાદ આધુનિક યુગનું એક આધુનિક પગલું

૪૬ સરદાર શોપિંગ સેન્ટર, જિલ્લા પંચાયત રોડ, અમરેલી





ખુશ ખબર..... ખુશ ખબર..... ખુશ ખબર.....

OREVA® E-BIKE THAT'S HOW YOU CAN SAVE ENVIRONMENT

આથી બાબરા તથા તાલુકાની જનતાને જણાવતા આનંદ થાય છે કે અમોએ આપના શહેરમાં ઈલેક્ટ્રીક બાઈકની વિશાળ શ્રેણી સાથે શો-રૂમ શરૂ કરેલ છે.
તો આપ કોઈપણ બાઈકની ખરીદી કરતા પહેલા અમારા શો-રૂમની મુલાકાત અવશ્ય લેશો.





ઈ-બાઈકની વિશેષતાઓ
નો રજીસ્ટ્રેશન
નો પોલ્યુશન
ડીઝીટલ સ્પીડો મીટર
લો- મેન્ટેનેસ
બેટરી ઈન્ડીકેટર
મજબુત બોડી મટીરીયલ્સ
લીથીયમ બેટરી
ઓટોકટ ઓફ ચાર્જીગ





48 વોલ્ટ 24AM. બેટરી 45-50 Km. રેન્જ
58 વોલ્ટ 28AM. બેટરી 60-65 Km. રેન્જ
85-90 Km. રેન્જ
3.30 કલાક ચાર્જીંગ ટાઈમ
ઈ- બાઈકના સ્પેર પાર્ટસ મળશે.
બેટરી ચાર્જ કરી આપવામાં આવશે.
તમામ કંપનીના ઓઈલ હોલસેલ ભાવે મળશે

સરનામું નોંધી લેશો

શ્યામ ઈલેક્ટ્રીક બાઈક & ઓઈલ

માર્કેટીંગ યાર્ડ પાસે, રાજકોટ - ભાવનગર હાઈવે, બાબરા. જિ.અમરેલી. મો.૮૪૮૭૯૨૯૯૪૪

વૃંદા ટીવીએસને સંગ....

પ્રસ્તુત છે Radeon





TVS બહેતર માઈલેજ

વૃંદા ટી.વી.એસ.

ગોપી સિનેમા સામે, સ્ટેશન રોડ, અમરેલી.

મો.૭૩૮૩૧ ૩૯૩૩૩, ૮૪૦૧૭ ૦૫૪૭૩

લગ્ન પ્રસંગ હોય, દિકરીનો કરીયાવર હોય કે આપની ઓફિસ અથવા નવા ઘર માટે તમામ પ્રકારનું બ્રાન્ડેડ ફર્નિચર અને એ પણ વ્યાજબી ભાવે

કૌશિક માદલીયા મો.૯૪૨૮૭ ૦૮૪૧૧

લાઈવ ડેમો જોવા આજે જ પધારો





કબાટ | પેટી પલંગ | સેટી પલંગ | ટીપોઈ | ડાઈનીંગ ટેબલ

અહી આપને મળશે આપની પસંદગીનું ૨૦૨૧-૨૨ના આધુનિક ફર્નિચરની લેટેસ્ટ ડિઝાઈન

ખુરશી | રીવોલ્વીંગ ચેર | ઓફિસ ટેબલ | કોમ્પ્યુટર ટેબલ | સોફા સેટ

તથા અન્ય ફર્નિચરની વિશાળ રેન્જ...

સંજય ફર્નિચર ઓમ કોમ્પ્લેક્ષ, પહેલા માળે, કેરીયા રોડ, બાયપાસ ચોકડી, અમરેલી.

# દામનગરમાં ડહોળા પાણીનું વિતરણ, જન આરોગ્ય પર ગંભીર ખતરો



દામનગર,તા.૨

દામનગર નગરપાલિકાની ઘોર બેદરકારીના કારણે શહેરના અનેક વિસ્તારોમાં છેલ્લા ઘણા સમયથી દૂષિત પાણી વિતરણ કરવામાં આવી રહ્યુ છે. શહેરમાં ગેસ લાઈનના કામથી પાણીની લાઈન તૂટવાને કારણે પીવાના પાણીના બેફામ વેડફાટની સમસ્યાનુ હજુ નિરાકરણ આવ્યુ નથી ત્યાં નવી સમસ્યા શહેરીજનોના માથે આવી પડી છે. જેમાં શહેરમાં એક માસથી ભારે દુર્ગંધ મારતું દૂષિત પાણી વિતરણ કરાતુ હોવાથી જન આરોગ્ય પર ખતરો ઉભો થયો છે. પાલિકા તંત્રએ ફરિયાદ નિવારણ માટે એક સાર્વજનિક નંબર જાહેર કર્યો છે પણ પ્રાથમિક સુવિધાનું સંચાલન સુધરવાના બદલે વધુ કથળી રહ્યું છે શહેરના અનેક વિસ્તારમાં જાહેર સ્ટ્રીટ લાઈટો કાયમી બંધ હોય છે તો અન્ય વિસ્તારોમાં શહેરીજનોએ આપવામાં આવતુ પીવાનું પાણી ડહોળુ અપાતુ હોવાની ફરિયાદો ઉઠવા પામી છે. વેરા ઉઘરાવવામાં માહિર એવી નગરપાલિકા શહેરીજનોને શુધ્ધ પીવાનુ પાણી આપવા માટે ઉણી ઉતરી છે. પાલિકા શહેરીજનોને પ્રાથમિક સુવિધા આપવામાં બેદરકાર રહેતી હોવાથી ભારે રોષ ફેલાયો છે.

# અબજોપતિઓને રાહત, ગરીબ, મધ્યમવર્ગને લોલીપોપ : ડી.કે.રૈયાણી



અમરેલી, તા. ૨

કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતારમણ દ્વારા ગઈકાલે બજેટ રજૂ કરવામાં આવતા અમરેલી જિલ્લા કોંગી પ્રમુખ ડી.કે.રૈયાણીએ આ બજેટને નિરાશાજનક ગણાવ્યુ હતુ. કોંગી પ્રમુખ ડી.કે.રૈયાણીએ જણાવ્યુ હતું કે, ટેક્સ ભરતા કરદાતાઓને કોઈ નવી રાહતો કે ટેક્સ સ્લેબમાં વધારો ન કરી લાખો કરદાતાઓને સરકારે નિરાશ કર્યા છે. મધ્યમવર્ગને રાહત આપવાને બદલે કોર્પોરેટ ટેક્સમાં રાહત આપી સરકારે ઉદ્યોગપતિઓને રાહત આપી છે. નોકરીયાતો, મહિલાઓ, યુવાનો, ખેડૂતોને બજેટમાં કોઈ ફાયદો કરેલ નથી. કોરોનાકાળમાં કુંટુબના આધારસ્તંભ એવા વ્યક્તિના નિધનથી નિરાધાર થયેલ પરિવારોને કોઈ સહાયકારી યોજનાની જાહેરાત કરી નથી. નવી રોજગાર યોજના ન હોવાથી બેરોજગાર યુવાનોમાં નિરાશા ફેલાઈ છે. ખેડૂતોની આવક ડબલ કરવાના ગપગોળા મારી ખોટા સ્વપ્નો બતાવ્યા પરંતુ કૃષિક્ષેત્રે રાહત માટે કોઈ યોજનાઓ લાવવામાં આવી નથી.લાખો કરદતાઓ પાસેથી અઢળક ટેકસની કમાણી કરી, પ્રધાનમંત્રીના બ્રાન્ડીંગ માટે જાહેરાતના ખર્ચ વધારનારા આ બજેટને જિલ્લા કોંગી પ્રમુખે વખોડી કાઢ્યુ છે.

# જિલ્લામાં ત્રણ જગ્યાએથી ફોટોગ્રાફર સહિત ૧૯ શકુનીને દબોચતી પોલીસ

અમરેલી, તા.૨

અમરેલી જિલ્લામાં પોલીસ જુગારીઓ પર સતત ગાળિયો ભીંસી રહી છે. જિલ્લામાં ત્રણ જગ્યાએથી મળી પોલીસે કુલ ૧૯ ખેલીને ઝડપીને ધોરણસની કાર્યવાહી કરી હતી. દામનગરના આંબરડી ગામેથી પોલીસે ઢસાગામ તરફ જવાના કાચા રસ્તે પરશોતમભાઈ કુરજીભાઈ નાથાણીની વાડીની પાસે જાહેરમા ખુલ્લામા પૈસા તથા પાના વડે તીનપત્તીનો હારજીતનો જુગાર રમતાં છ શખ્સોને રોકડા રૂા.૧૪,૭૪૦ સાથે ઝડપી લીધા હતા. અમરેલીમાં જૈન દેરાસર રોડ પર પરજીયા પટણી સોની જ્ઞાતિની વાડીમાં એ.એ.ધકાણ હોલમાંથી પોલીસે એક ફોટોગ્રાફર સહિત આઠ લોકોને તીનપત્તીનો જુગાર રમી રમતા રોકડ રકમ રૂ.૧૫,૫૨૦ સાથે ઝડપ્યા હતા. ધારીનાં હિમખીમડીપરામાં જીણાભાઈ ડાભીની દુકાન આગળ જાહેરમાં જ જુગાર રમતા પાંચ શખ્સોને રોકડા ૪૪૩૦ સાથે ઝડપી ધોરણસરની કાર્યવાહી કરી હતી. પોલીસે ત્રણેય જગ્યાએથી મળી ૩૪,૨૯૦ રોકડા જપ્ત કર્યા હતા. જિલ્લામાં એક જ દિવસમાં ત્રણ ઠેકાણે પોલીસની જુગારીઓ પર રેડથી ખેલીઓમાં ફફડાટ ફેલાયો હતો.

# ઝાંપોદર ગામે પત્નીએ પતિને દારૂ પીવાની ના પાડતાં મોતને ઘાટ ઉતારી

રાજુલા, તા.૨

રાજુલા તાલુકાના ઝાંપોદર ગામે રહેતી એક પરિણીતાએ તેનો પતિ દારૂ પીતો હોવાથી તેને ના પાડી હતી. જેને લઈ તેને બોથડ પદાર્થ વડે આડેધડ મારીને સ્થળ પર જ મોત નીપજાવ્યું હતું. આ બનાવ અંગે રાજુલામાં રહેલા સોમીબેન જાદવભાઈ પરમાર (ઉ.વ.૬૫)એ ઝાંપોદર ગામના ભરતભાઈ બદરુભાઈ વાળા સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ ભરતભાઈને દારૂ પીવાની ટેવ હતી અને અવારનવાર પત્નીને ફટકારતો હતો. બે દિવસ પહેલા દારૂ પીવાની ના પાડતાં સારું નહોતું લાગ્યું અને તેનું મનદુખ રાખી પત્ની સાથે માથાકૂટ કરીને તીક્ષ્ણ કે બોથડ હથિયાર વડે તેના પર તૂટી પડ્યો હતો. જેના કારણે મહિલાનું ઘટના સ્થળે જ મોત થયું હતું. ઘટનાના પગલે ગામમાં ચકચાર મચી ગઈ હતી. રાજુલા પોલીસ સ્ટેશનના ઈન્સ્પેક્ટર ડી.વી.પ્રસાદ વધુ તપાસ ચલાવી રહ્યા છે.

# ખીજડીયા કોટડાથી મોટા દેવળીયા સુધીના માર્ગનું નવીનીકરણ કરવા માંગ

બાબરા,તા.૨

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારના માર્ગો બિસ્માર હાલતમાં હોવાથી ગ્રામજનો ભારે હાલાકી ભોગવી રહ્યાં છે આ બાબતે અનેકવાર જવાબદાર આગેવાનો અને તંત્ર સમક્ષ પદાધિકારીઓએ રજૂઆત કરવા છતાં હજુ સુધી તંત્ર દ્વારા કોઈ કામગીરી કરવામાં આવી નથી જેના કારણે ગ્રામજનોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. બાબરા તાલુકાના ખીજડીયા કોટડાથી મોટા દેવળીયા સુધીનો ૩ કિ.મી માર્ગ છેલ્લાં ઘણા વર્ષોથી બિસ્માર હાલતમાં છે. આ માર્ગના નવીનીકરણ માટે ૧૭ વર્ષથી રજૂઆતો કરવામાં આવી છે પરંતુ આ રજૂઆત અભેરાઈએ ચડાવી દેવામાં આવતા ખીજડીયા કોટડા ગ્રામ પંચાયતના સદસ્ય ધીરૂભાઈ સોલંકીએ મુખ્યમંત્રી સહિત અધિકારીઓને રજૂઆત કરી છે કે ૨૦૦૩થી સતત આ માર્ગ બનાવવા માટે રજૂઆતો કરવામાં આવે છે. જો માર્ગ નવો બનાવવામાં આવે તો ગ્રામજનોની પાયાની સુવિધામાં વધારો થાય તેમ છે. માર્ગ બનાવવા માટે દરખાસ્ત પણ કરવામાં આવી છે પરંતુ કોઈ નક્કર કાર્યવાહી કરવામાં આવી નથી. જેથી તાત્કાલિક આ માર્ગ બનાવવામાં આવે તેવી માંગણી કરવામાં આવી છે.

# અમરેલી એલસીબીએ બાઈક ચોરને ઝડપ્યો

અમરેલી, તા.૨

અમરેલી જિલ્લામાં ચોરી છુપીથી રહેતા ઈસમો અંગે બાતમી મેળવી કાર્યવાહી કરવા એસપીએ સૂચના આપી છે. જે અંતર્ગત અમરેલી એલસીબી ટીમે ધારી શહેરમાં પેટ્રોલિંગ દરમિયાન મધ્યપ્રદેશના ઈંદોર જિલ્લાના ઝલારીયા ગામેથી મોટર સાયકલની ચોરી કરનાર ઈસમને ઝડપી લીધો હતો. હાલ નાની ધારીમાં વાડી વિસ્તારમાં રહેતો મૂળ મધ્યપ્રદેશના ધાર જિલ્લાના ભાટી ખોદરાનો રહેવાસી સુનિલ ઉર્ફે અનિલ ટેટીયાભાઈ વસુનીયા (ઉ.વ.૧૯) ચોરીની મોટર સાયકલ સાથે ઝડપાયો હતો. અમરેલી એલસીબી ઈન્ચાર્જ પોલીસ ઈન્સ્પેક્ટર આર.કે,કરમટા, પોલીસ સબ ઈન્સ્પેક્ટર પી.એન.મોરી તથા એલ.સી.બી ટીમે આ કામગીરી કરી હતી.

# લાઠીમાં બહેનને પતિ સાથે સમાધાન કરી સાસરે જવાનું કહેતા ફિનાઈલ પીધું

લાઠી, તા.૨

લાઠીમાં એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. જેમાં એક પિતાના ઘરે રિસામણે આવેલી બહેને તેની સગી બહેનને પતિ સાથે સમાધાન કરી લેવાનું કહેતા ફિનાઈલ પીધું હતું. પોલીસ ચોપડે જાહેર થયેલી વિગત પ્રમાણે, ભોગ બનનાર મહિલા છેલ્લા એક વર્ષથી પિતાના ઘરે રિસામણે આવી હતી. જેથી બંને બહેનોએ તેને કહ્યું હતુ કે, તું પરાણે પડી છો અને સાસરે જતી નથી. તારા પતિ સાથે સમાધાન કરીને સાસરે જતી રહે. જેથી લાગી આવતાં ફિનાઈલની બોટલમાંથી બે ઘૂંટડા પી લીધા હતા. અમરેલી સિટી પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ વિક્રમભાઈ ઘનશ્યામભાઈ વધુ તપાસ કરી રહ્યા છે.

**મહેબુબ સંકુલ ફિઝિકલ એકેડમી-અમરેલી દ્વારા**

# પીએસઆઈ, એલઆરડીની ફિઝિકલ પરીક્ષામાં ઉત્તીર્ણ થયેલ ઉમેદવારોનું સન્માન



અમરેલી, તા. ૨

મહેબુબ સંકુલ ફિઝિકલ એકેડમી-અમરેલી દ્વારા અમરેલી શહેરના પ્રતાપપરાની ભાગોળે આવેલ મહેબુબ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાના કેમ્પસમાં ગૌરવ સન્માન સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં તાજેતરમાં યોજાયેલ પીએસઆઈ તથા એલઆરડીની ફિઝિકલ પરીક્ષામાં કેમ્પસમાં રહીને ભાગ લેનાર ૩૨ પૈકીના ૨૫ ઉમેદવારો ઉત્તીર્ણ થતા આ તમામ ઉમેદવારોનું શીલ્ડ આપી સન્માન કરવામાં આવ્યું હતું.

# ફતેપુરમાં દેશી દારૂનું વેચાણ કરનારાઓ પર જનતા રેઈડ



અમરેલી, તા. ૨

અમરેલી જિલ્લામાં દેશીદારૂનું બેફામ વેચાણ થઈ રહ્યું છે. ત્યારે આજે અમરેલીના ફતેપુરમાં દેશી દારૂની હાટડીઓ પર જનતા રેઈડ થતા દેશી દારૂની કોથળીઓ ઝડપાઈ હતી. આરોપીએ મીડિયા કર્મચારી સાથે ગેરવર્તન કર્યું હતું. જનતા રેઈડમાં પોલીસ પણ આવી પહોંચી હતી.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૮, શાલિવાહન શક-૧૯૪૨, વીર સંવત-૨૫૪૭, ઇસ્લામીક સંવત-૧૪૪૩, તા. ૦૩-૦૨-૨૦૨૨, ગુરૂવાર, સૂર્યોદય-૦૭:૨૨, સૂર્યાસ્ત-૦૬:૩૫, જૈન નવકારશી-૮-૧૦, નક્ષત્ર : શતભિષ

## દૈનિક રાશિફળ

તા. ૦૩-૦૨-૨૦૨૨ ગુરૂવાર

- મેષ (અ,લ,ઇ) : કનિષ્ઠ દિવસ, કોઇ આકસ્મિક ખર્ચ આવી પડે, સામાજીક બાબતો પણ કષ્ટપ્રદ.
- વૃષભ (બ,વ,ઉ) : ઉત્તમ દિવસ, કોઇ સામાજીક બાબતોમાં કાળજી રાખવી, આર્થિક બાબતો પણ સાનુકુળ રહેશે.
- મિથુન (ક,છ,ઘ) : મધ્યમ દિવસ, આર્થિક બાબતો સરળ રહે, સામાજીક બાબતોમાં સંભાળવું.
- કર્ક (ડ,હ) :કનિષ્ઠ દિવસ, સામાજીક દોડધામ અકળાવશે, આર્થિક બાબતો પણ ખર્ચાળ રહે.
- સિંહ (મ,ટ) : ઉત્તમ દિવસ, કોઇ સામાજીક કાર્ય આટોપી શકશો, આર્થિક બાબતો સાનુકુળ.
- કન્યા (પ,ઠ,ણ) : મધ્યમ દિવસ, કોઇ આર્થિક કાર્ય પાર પડે, સામાજીક બાબતો અકળાવી જાય.
- તુલા (ર,ત) : કનિષ્ઠ દિવસ, આર્થિક બાબતોમાં કાળજી લેવી, સામાજીક બાબતો દોડધામમય રહે.
- વૃશ્ચિક (ન,ય) : ઉત્તમ દિવસ, ભૂતકાલીન રોકાણનું આકર્ષક વ્યાજ મળી શકે, સામાજીક બાબતો પણ સાનુકુળ.
- ધન (ભ,ધ,ફ) : મધ્યમ દિવસ, આર્થિક બાબતો ખર્ચાળ છતાં સામાજીક બાબતો સાનુકુળ.
- મકર (ખ,જ) : કનિષ્ઠ દિવસ, કોઇ સામાજીક અંતરાય પાર કરવો પડે, આર્થિક બાબતો પ્રતિકુળ.
- કુંભ (ગ,શ,સ) : ઉત્તમ દિવસ, કોઇ આર્થિક કાર્ય પાર પડશે, સામાજીક બાબતોમાં સાનુકુળતા.
- મીન (દ,ચ,ઝ,થ) : કનિષ્ઠ દિવસ, સામાજીક બાબતો દોડધામમય, આર્થિક બાબતો ખર્ચાળ રહે.


**વેચવાનું છે**

રોડટચ નાના માચીયાળા ગામે
બીન ખેતી સર્વે નં.૨૯૮ પૈકી
ગોડાઉન ચો.મીટર ૪૭૬ સ્લેપ વાળુ
ગોડાઉન ચો.મીટર ૧૨૧ સ્લેપ વાળુ
ઓફિસ ચો.મીટર ૬૫ સ્લેપ વાળી
પતરાનું ગોડાઉન ૨૭૬ મીટર
પાણી- ટાંકો - બોર
ખુલી જમીન મીટર ૧૧૧૦૪
કુલ જમીન મીટર ૧૨૧૪૧
પાર્ટનર મો.૯૮૯૮૪૨૨૭૦૯


# ઉછીના લીધેલ પૈસા ન ચૂકવતાં ઢસાના યુવકને ફટકાર્યાની રાવ

દામનગર, તા.૨

આજના મોંઘવારીના યુગમાં ઘણા લોકો પોતાનો પ્રસંગ ઉકેલવા કે અન્ય જરૂરિયાત માટે નાણા ઉછીના લેતા હોય છે. જોકે સમયસર તે ન ચૂકવવામાં આવતાં તેમના પર સિતમ ગુજારવામાં આવતો હોય છે. ઢસામાં રહેતા એક યુવકે લાઠીના યુવક પાસેથી રૂપિયા ઉછીના લીધા હતા, જેની ઉઘરાણી કરવામાં આવતી હતી પરંતુ યુવકે પૈસાની સગવડ ન હોવાનું કહેતા તેને ફટકાર્યો હતો. આ બનાવ અંગે અમીનભાઈ જબારભાઈ થારાણી (ઉ.વ.૩૦)એ અશોકભાઈ પુંજાભાઈ ડેર તથા હર્ષદભાઈ પુંજાભાઈ ડેર સામે ફરિયાદ નોંધાવી છે. પોલીસ ચોપડે જાહેર થયેલી વિગત પ્રમાણે અમીનભાઈએ હર્ષદભાઈ પાસેથી ઉછીના એક લાખ રૂપિયા લીધા હતા. તે પૈસાની ઉઘરાણી બંને આરોપીઓ કરતા હોવાથી તેમણે હાલમાં પૈસાની સગવડ નથી તેમ કહ્યું હતું. જેને લઈ તેઓ ઉશ્કેરાઈ ગયા હતા અને શરીરે આડેધડ ઢીકાપાટુનો માર મારી ગળો આપવા લાગ્યા હતા. દામનગર પોલીસ સ્ટેશનના એ.એસ.આઈ એમ.કે.પીછડીયા કરી રહ્યા છે.







**તંત્રી સ્થાનેથી**

# ઈઝરાયેલ ૨૦૨૨માં લેસર વોલ તૈયાર કરશે, સરહદ બનશે અભેદ્ય કિલ્લો

ઈઝરાયેલ એક વર્ષમાં લેસર આધારિત મિસાઈલ ઈન્ટરસેપ્શન સિસ્ટમ તૈયાર કરશે. આ જાણકારી ઈઝરાયેલના પીએમ નફતાલી બેનેટે આપી છે. લેસર દિવાલ ઈઝરાયલને મિસાઈલ, રોકેટ, ડ્રોન સહિત અન્ય ઘણા જોખમોથી બચાવશે. આ લેસર સિસ્ટમ બનાવનારી રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ટીમે આ મિસાઈલને ૨૦૨૪ સુધીમાં તૈનાત કરવાની યોજના બનાવી હતી, પરંતુ સેનાએ વહેલા તૈનાતીનો આગ્રહ રાખ્યો છે. બેનેટે કહ્યું છે કે આ સિસ્ટમનું પહેલા પરીક્ષણ કરવામાં આવશે. સફળ ટ્રાયલ પછી તેને કાર્યરત કરવામાં આવશે. તેને પહેલા ઈઝરાયેલના દક્ષિણી પ્રદેશમાં અને પછી અન્યત્ર કાર્યરત કરવામાં આવશે. તેમણે કહ્યું કે લેઝર આધારિત મિસાઈલ ઈન્ટરસેપ્શન સિસ્ટમ પછી સમીકરણો ઘણા બદલાઈ જશે. અમારા વિરોધીઓને જંગી રોકાણની જરૂર પડશે જ્યારે અમારું કામ ઓછાથી થશે. બેનેટે જણાવ્યું છે કે આયર્ન ડોમ ઈન્ટરસેપ્ટર માટે હાલમાં ઉપયોગમાં લેવાતી મિસાઈલ ડિફેન્સ સિસ્ટમની કિંમત લગભગ ૪૦ લાખ રૂપિયા છે અને દરેક આવનારા રોકેટને સામાન્ય રીતે એક કરતા વધુ ઈન્ટરસેપ્ટરની જરૂર પડે છે. આવી સ્થિતિમાં, જો કેટલાક હજાર રૂપિયા ખર્ચીને ઈલેક્ટ્રીક પલ્સ વડે મિસાઈલ અથવા રોકેટને તોડી પાડવું શક્ય હોય તો તે સારી વાત છે. મૈત્રીપૂર્ણ દેશોને ટેક્નોલોજી આપવાના વિરોધી નથી, બેનેટે ઈઝરાયેલના સહયોગીઓને લેસર-આધારિત મિસાઈલ ઈન્ટરસેપ્શન સિસ્ટમ આપવાનો ઈનકાર કર્યો નથી. તેમણે કહ્યું છે કે આ લેસર સિસ્ટમ અમારા મિત્રોને મદદ કરી શકે છે જેઓ ઈરાન અને તેના ગોરિલાઓના ગંભીર ખતરા સામે સંવેદનશીલ છે. તેણે ઈરાન પર પ્રહાર કરતા કહ્યું કે આ મિસાઈલ ઈરાન પર બેરુત અને ગાઝાથી પણ છોડવામાં આવી શકે છે. ઈરાન જેટલું નબળું હશે, તેના લડવૈયાઓ વધુ સંવેદનશીલ હશે. તેમણે વધુમાં કહ્યું કે એવી આશા છે કે ઈરાન અને વિશ્વ શક્તિઓ વચ્ચે વિયેનામાં ચાલી રહેલી પરમાણુ મંત્રણા તેમની તરફથી કોઈપણ સમજૂતી વિના સમાપ્ત થઈ જશે. આ ઉપરાંત ઈઝરાયેલ દ્વારા એરો-૩ સિસ્ટમના અનેક પરીક્ષણો કરવામાં આવ્યા છે. એરો-૩ ડેવલપમેન્ટ પ્રોગ્રામ ઈઝરાયેલ અને યુનાઈટેડ સ્ટેટ્સનો સંયુક્ત કાર્યક્રમ છે, જે યુએસ મિસાઈલ ડિફેન્સ એજન્સી અને IMDO દ્વારા સહ-સંચાલિત છે. એરો-૩ સિસ્ટમ અનેક પરીક્ષણોમાંથી પસાર થઈ છે. છેલ્લી કસોટી ૨૦૧૯ માં અલાસ્કામાં થઈ હતી જ્યાં ૧૦ દિવસ દરમિયાન ત્રણ સફળ વિક્ષેપ જોવામાં આવ્યા હતા. આ પ્રકારનું પરીક્ષણ ઈઝરાયલના વિસ્તારની બહાર પ્રથમ વખત થયું હતું. અહેવાલો સૂચવે છે કે ૨૦૧૯ માં અલાસ્કામાં હાથ ધરવામાં આવેલા પરીક્ષણોથી, તેની તમામ સિસ્ટમોમાં એરોની ક્ષમતાઓ નોંધપાત્ર રીતે વિસ્તૃત થઈ છે. ઈઝરાયેલ અને અમેરિકા એરો-૪ પર કામ કરી રહ્યા છે ગયા વર્ષે ઈઝરાયેલે કહ્યું હતું કે તે અમેરિકા સાથે મળીને નવી બેલિસ્ટિક મિસાઈલ સિસ્ટમ એરો-૪ વિકસાવી રહ્યું છે. તેના એરો-૨ અને એરો-૩ ઈન્ટરસેપ્ટર્સ પહેલેથી જ સક્રિય છે. તમને જણાવી દઈએ કે ઈઝરાયેલ અને અમેરિકા ચિંતિત છે કે ઈરાન તેના પરમાણુ કાર્યક્રમ અને તેના બેલેસ્ટિક મિસાઈલ કાર્યક્રમ બંને પર આંતરરાષ્ટ્રીય ટીકા છતાં કામ કરવાનું ચાલુ રાખ્યું છે.

# વિકાસ વિરોધીઓ અને વિપક્ષ માટે નિરસ પણ ભારતના ભાવિ માટે સર્વોત્તમ બજેટ




**પ્રાસંગિક**
સુરેશ દેસાઈ

નરેન્દ્ર મોદી સરકારે ફરી બધાને ચોંકાવી દીધા છે. ઉત્તર પ્રદેશ સહિત પાંચ રાજ્યોમાં ચૂંટણીઓ યોજાઈ રહી છે અને એવી સામાન્ય અટકળો હતી કે મતદારોને કોઈક રીતે રીઝવવામાં આવશે, પરંતુ નાણાપ્રધાન નિર્મલા સીતારમણે એક એવું બજેટ રજૂ કર્યું જે સપાટી પરથી નીરસ જણાશે. ન તો કર રાહતો, ન મોટી યોજનાઓ, ન મોટા સુધારા... પરંતુ શોધનારા માટે, આ બજેટ આર્થિક અને અદ્ભુત રીતે રાજકીય બંને છે. રસપ્રદ તથ્ય એ છે કે બજેટ ભાષણ પૂરું થયા પછી શેરબજાર પણ થોડા સમય માટે ઘટ્યું અને પછી તે જ દરે વધ્યું. વાસ્તવમાં આ બજેટ ડૂબકી મારવા અને મોતી કાઢવા જેવું છે. આ બજેટ લાંબી રાજકીય ઈનિંગ્સને પણ ધાર આપે એમાં નવાઈ નહીં. વર્ષ ૨૦૦૪માં જ્યારે ભાજપના પ્રથમ મુખ્યમંત્રી અટલ બિહારી વાજપેયી સમય પહેલા ચૂંટણી કરાવવા માટે મેદાનમાં ઉતર્યા હતા, ત્યારે સૂત્ર હતું 'ફીલ ગુડ'. પાર્ટીએ પાછળથી સ્વીકાર્યું કે તે સમયે ફીલ-ગુડ કદાચ માત્ર શહેરોમાં જ બંધ થઈ ગયું હતું. ૨૦૧૪માં નરેન્દ્ર મોદીની બહુમતી સરકારનું સૂત્ર હતું, 'અચ્છે દિન આયેંગે'. ભ્રષ્ટાચારને ડામવા માટે મોટા નિર્ણયો લેવામાં આવ્યા, નિયંત્રણો મૂકવામાં આવ્યા, ઉદ્યોગમાં સકારાત્મકતા આવી પરંતુ કોરોનાનો ચેપ લાગ્યો. આવી સ્થિતિમાં, આ બજેટ સરકારની વિચારસરણીને પ્રતિબિંબિત કરે છે, જેના હેઠળ લાંબી રાજનીતિ જાતિ અથવા સંકુચિત આધાર પર નહીં પરંતુ નક્કર અને યોગ્ય અર્થતંત્ર પર ટકી રહે છે. એટલે કે દેશના અર્થતંત્ર અને વિકાસમાં સામાન્ય લોકોની ભાગીદારી જોવી જોઈએ. આ બજેટ દ્વારા તે ફીલગુડને જમીન પર લાવવાની તૈયારીઓ કરવામાં આવી રહી છે. છેલ્લા બે વર્ષથી વડાપ્રધાન વારંવાર 'ઈઝ ઓફ લિવિંગ'ની વાત કરી રહ્યા છે. બજેટમાં તેને ખૂબ જ કાળજીપૂર્વક નીચે લાવવામાં આવ્યું છે. આવકવેરાની નોટિસના ડરથી મુક્તિ મધ્યમ વર્ગ કદાચ નિરાશ હશે કે તેના માટે ટેક્સમાં કોઈ છૂટ નથી, પરંતુ ભાગ્યે જ કોઈ કરદાતા હશે જે ટેક્સ ભરતી વખતે ડરતો ન હોય. તેને ડર છે કે કોઈ ભૂલ થઈ ગઈ છે અને આવકવેરાની નોટિસ આવે છે. સરકારે આ ભયમાંથી મુક્તિ આપી છે. અન્ય કાયદાઓની જેમ તેને પણ સરળ બનાવવામાં આવ્યું છે. સહકારી મંડળીઓને રાહત આપી છે. ૯૧ ટકા ગામડાના લોકો સહકારી મંડળીઓ સાથે સંકળાયેલા હોવા છતાં, લગભગ આઠ કરોડ સભ્યો સીધા છે. તેમની લાંબા સમયથી ચાલતી માંગ સંતોષવામાં આવી હતી અને ટેક્સના દરમાં ઘટાડો કરવામાં આવ્યો હતો. પેન્શન ફંડમાં ૧૦ને બદલે ૧૪ ટકા ફાળો મંજૂર કરવામાં આવ્યો ત્યારે રાજ્ય સરકારોના કર્મચારીઓને કેન્દ્રીય કર્મચારીઓની સમકક્ષ બનાવવામાં આવ્યા હતા. સસ્તા બ્રોડબેન્ડ આપવાના પ્રયાસો કરતા ગામડાઓમાં સસ્તા બ્રોડબેન્ડ પ્રદાન કરવાની કવાયત શરૂ કરવામાં આવી હતી, પર્વતીય વિસ્તારોમાં અવરજવરને થોડી સરળ બનાવવા માટે આઠ રોપવે પ્રોજેક્ટની ઓળખ કરવામાં આવી હતી. નવા યુગના ઉદ્યોગોને ઓળખીને તેના વિકાસનો રોડમેપ તૈયાર કરવામાં આવી રહ્યો છે એટલું જ નહીં રોજગારના મોટા દરવાજા ખોલવામાં આવી રહ્યા છે. જેથી દરેક ઘરમાં આવક સુનિશ્ચિત થાય ... દરેક ઘરમાં આવક સુનિશ્ચિત થાય તે સુનિશ્ચિત કરવા માટે બજેટમાં જે રીતે MSP પર પ્રતિબદ્ધતા આપવામાં આવી હતી તે પંજાબ અને પશ્ચિમ ઉત્તર પ્રદેશના ખેડૂતો માટે સ્પષ્ટ સંકેત છે. વાસ્તવિકતા એ છે કે સરકારે એક એવા ભારતનું વિઝન સ્થાપિત કરવાનું શરૂ કર્યું છે જ્યાં દરેક પરિવારને ખાતરીપૂર્વકની આવક, ગુણવત્તાયુક્ત આરોગ્યસંભાળ, બાળકો માટે શિક્ષણ, રહેવા માટે છત અને સરળ પરિવહનની સુવિધા હોય. આવી સુવિધા જ ફીલ-ગુડ બનાવી શકે છે. યોજનાઓના સહારે રાજનીતિ પર ફોકસ કરો તો છેલ્લા છ-સાત વર્ષમાં વારંવાર સાબિત થયું છે કે ઉજ્જવલા, આયુષ્માન, સૌભાગ્ય, શૌચાલય જેવી યોજનાઓએ રાજકારણમાં જ્ઞાતિના ભેદને નાબૂદ કર્યો હતો. કદાચ ભાજપ હવે એ પ્રવાહને એટલો મજબૂત કરવા માંગે છે કે રાજકારણ અર્થશાસ્ત્રનો એક ભાગ બની જાય. નાણામંત્રીએ સંરક્ષણ સંશોધન અને વિકાસ બજેટમાં વધારાની જાહેરાત કરી એટલા માટે બજેટમાં, સંરક્ષણ ક્ષેત્રમાં સ્થાનિક ઉદ્યોગો પાસેથી પ્રાપ્તિ માટે મૂડી પ્રાપ્તિ બજેટ ૨૦૨૧-૨૨માં ૫૮ ટકાથી વધારીને હવે ૬૮ ટકા કરવામાં આવ્યું છે. સંરક્ષણ ક્ષેત્રમાં આત્મનિર્ભરતાની ગતિને વેગ આપવા માટે, નાણામંત્રીએ સંરક્ષણ સંશોધન અને વિકાસ માટેના બજેટમાં વધારાની જાહેરાત કરી અને કહ્યું કે તેનો ૨૫ ટકા ઉદ્યોગો, સ્ટાર્ટઅપ્સ અને એકેડેમિયા માટે હશે. ખાનગી સંરક્ષણ ઉદ્યોગોને SPV મોડલ દ્વારા ડીઆરડીઓ અને અન્ય સંસ્થાઓ સાથે મળીને લશ્કરી પ્લેટફોર્મ અને સાધનોની ડિઝાઈન અને વિકાસ માટે પ્રોત્સાહિત કરવામાં આવશે. નાણામંત્રીએ આ માટે સ્વતંત્ર નોડલ અમ્બ્રેલા બોડીની સ્થાપના કરવાની પણ વાત કરી, જ્યાં તેમના વિકસિત હથિયારોના સાધનોનું પરીક્ષણ કરવામાં આવશે. પેન્શન પાછળ ૧,૧૯,૬૯૬ કરોડનો ખર્ચ થશે. રક્ષા બજેટમાં સંરક્ષણ ક્ષેત્રના લશ્કરી સાધનોના આધુનિકીકરણને લગતા મૂડી ખર્ચ માટે ૧,૫૨,૩૬૯ કરોડની ફાળવણી કરવામાં આવી છે. જેમાં ફાઈટર પ્લેન, મિસાઈલ, યુદ્ધ જહાજ અને અન્ય હથિયારોની ખરીદીનો સમાવેશ થાય છે. વર્તમાન નાણાકીય વર્ષમાં સંરક્ષણ ક્ષેત્ર માટે કુલ મૂડી ફાળવણી રૂ. ૧,૩૫,૦૬૦ કરોડ છે. આમ, મૂડી ફાળવણીમાં આ વધારો રૂ. ૧૭,૩૦૦ કરોડથી વધુ છે. સંરક્ષણ બજેટનો મોટો હિસ્સો તેનો મહેસૂલ ખર્ચ છે જેના માટે રૂ. ૨,૩૩,૦૦૦ કરોડની ફાળવણી કરવામાં આવી છે. ત્રણેય સેવાઓ માટે પેન્શનની રકમ પણ આ બજેટનો એક ભાગ છે અને ભૂતપૂર્વ સૈનિકોના પેન્શન પર ૧,૧૯,૬૯૬ કરોડ રૂપિયા ખર્ચવામાં આવશે. સંરક્ષણ ક્ષેત્રના સંશોધન અને વિકાસ માટે બજેટની ફાળવણીમાં વધારો કરવા અને આત્મનિર્ભરતાના લક્ષ્યને હાંસલ કરવા તરફ આગળ વધવાની નાણામંત્રીની જાહેરાતથી સ્થાનિક સંરક્ષણ ઉત્પાદનને ઘણો વેગ મળવાની અપેક્ષા છે. રક્ષા મંત્રીએ ઘોષણાઓનું સ્વાગત કર્યું હતું. સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે સ્થાનિક સંરક્ષણ ઉદ્યોગની મૂડી ફાળવણીમાં ૬૮ ટકાનો વધારો કરવા અને સ્ટાર્ટ-અપ્સ અને ખાનગી ક્ષેત્ર માટે સંરક્ષણ સંશોધન અને વિકાસ બજેટના ૨૫ ટકા અલગ રાખવાને આવકારતા કહ્યું કે આ મેક ઈન ઈન્ડિયાને પ્રોત્સાહન આપશે. આર્મી, નેવી, એરફોર્સ અને કોસ્ટ ગાર્ડ માટે બજેટની ફાળવણીમાં જરૂરિયાત મુજબ વધારો કરવામાં આવ્યો છે. વર્ષ ૨૦૨૨ ૨૩નું કુલ બજેટ ૩૯.૪૫ લાખ કરોડ રૂપિયા છે અને સંરક્ષણ બજેટનો હિસ્સો ૫.૨૫ લાખ કરોડ છે, જે સામાન્ય બજેટના ૧૩.૩૧ ટકા છે.


# સેન્સેક્સમાં ૮૧૪ અંક અને નિફ્ટીમાં ૨૩૮ અંકનો વધારો

તા.૨ મુંબઈ



ભારતીય શેરબજારો સપ્તાહના પ્રથમ દિવસે વધીને બંધ રહ્યાં હતા. સેન્સેક્સ ૮૧૪ અંક વધી ૫૮૦૧૪ પર બંધ રહ્યો હતો. જ્યારે નિફ્ટી ૨૩૮ અંક વધી ૧૭૩૩૯ પર બંધ રહ્યો હતો. સેન્સેક્સ પર ટેક મહિન્દ્રા, વિપ્રો, બજાજ ફિનસર્વ, ઈન્ફોસિસ, SBI સહિતના શેર વધીને બંધ રહ્યાં હતા. ટેક મહિન્દ્રા ૪.૮૮ ટકા વધી ૧૪૭૯.૩૫ પર બંધ રહ્યો હતો. વિપ્રો ૩.૭૦ ટકા વધી ૫૭૨.૬૫ પર બંધ રહ્યો હતો. જોકે ઈન્ડસઈન્ડ બેન્ક, કોટક મહિન્દ્રા, HUL સહિતના શેર ઘટીને બંધ રહ્યાં હતા. ઈન્ડસઈન્ડ બેન્ક ૩.૫૧ ટકા ઘટી ૮૭૧.૮૫ પર બંધ રહ્યો હતો. કોટક મહિન્દ્રા ૨.૧૪ ટકા ઘટી ૧૮૫૭.૫૦ પર બંધ રહ્યો હતો. ભારતીય શેરબજારો શુક્રવારે ફ્લેટ બંધ રહ્યાં હતા. સેન્સેક્સ ૭૭ અંક ઘટી ૫૭૨૦૦ પર બંધ રહ્યો હતો. જ્યારે નિફ્ટી ૮.૨૦ અંક ઘટી ૧૭૧૦૧ પર બંધ રહ્યો હતો. સેન્સેક્સ પર મારૂતિ સુઝુકી, ટેક મહિન્દ્રા, પાવર ગ્રીડ કોર્પ, ICICI બેન્ક, એક્સિસ બેન્ક સહિતના શેર ઘટીને બંધ રહ્યાં હતા. મારૂતિ સુઝુકી ૨.૯૯ ટકા ઘટી ૮૫૫૩.૨૦ પર બંધ રહ્યો હતો.

## શબ્દ સંજોગ-૧૨૭૬



**આડી ચાવી :**
(૧)...એક એવો માનવી છે જે આપણી આંતરિક ગૂઢ ભાવનાઓને જાગૃત કરવાનું સામર્થ્ય ધરાવે છે(૨)
(૨)શાળામાં ભણાવે(૩)
(૫)ડાબુ,સુંદર(૨)
(૭)પરાપૂર્વથી ચાલ્યુ આવતુ(૪)
(૯)પોપટ(૨)
(૧૧)મોટી નદી(૨)
(૧૨)કાશી,વારાણસી(૪)
(૧૪)એક તેલી બી(૨)
(૧૬)નામની આગળ માનાર્થે વપરાતો શબ્દ(૧)
(૧૭)શ્વાસનો એક રોગ(૨)
(૧૮)પાણીનુ ઘન સ્વરૂપ(૩)
(૨૧)મા તે મા બીજા વગડાના.... (૧)
(૨૨)જબ કુત્તે પે સસ્સા આયા,..... બાદશાહ ને શહર બસાયા(૨)
(૨૫)એક જંગલી પ્રાણી(૩)
(૨૭)?(૩)
(૨૮)આભ,ગગન(૨)
(૩૦)એક અંગ્રેજી મહિનો(૨)
(૩૧)વીતી ગયેલું(૨)
(૩૨)સિંહનું અંગ્રેજી કરો(૩)
(૩૩)થોડુંક,લગીર(૨)
(૩૫)દૂધી(૨)
(૩૬)મહાત્મા ગાંધીજીના પિતા(૫)

**ઉભી ચાવી :**
(૧)તનને તંદુરસ્ત રાખવા માટે નિયમિત..કરવી જોઈએ.(૪)
(૨)વગર,સિવાય(૨)
(૩)વેતન લીધા વગર કામ કરનારુ(૩)
(૪)પ્રેમિકાનો બીજો પ્રેમી(૩)
(૬)લાકડાનો મોટો પટારો(૩)
(૮)શરીર,કાયા(૨)
(૧૦)બ્રહ્માના એક માનસપુત્ર (જવાબ આડો અવળો)(૩)
(૧૩)રમતા રમતા સાધી શકાય તેવું(૫)
(૧૫)હોઠ,અધર(૨)
(૧૯)ધૂળનો કણ(૨)
(૨૦)હુકમ,સનદ(૪)
(૨૩)તાકાત,જોમ(૨)
(૨૪)રાત્રે ચોકી માટે ફરવું તે(૨)
(૨૬)આજે તો આવક ઓછી અને....વધારે છે.(૨)
(૨૭)એક વાહન(૪)
(૨૯)ફક્ત......રહી જાય છે. બાકી બધી વસ્તુઓના નાશ પામે છે.(જાપાની કહેવત)(૩)
(૩૩)પૈસો,નાણુ(૨)
(૩૪)ધીમુ,ધીરુ(૨)

## શબ્દ સંજોગ-૧૨૭૫ જવાબ

**આડી ચાવી :** (૧) કચ (૨) ડંકાપલ્લવી (૫) દગો (૬) જમા (૮) ક્ષત (૧૦) રોમન (૧૨) રવિ (૧૩) ફેંટો (૧૪) હક (૧૫) કકળાટ (૧૮) ટહેલ (૨૦) કોણ (૨૨) વારસ (૨૫) મીજાન (૨૭) ધરપકડ (૨૯) જન (૩૦) પારો (૩૧) ડર.

**ઉભી ચાવી :** (૧) કટાક્ષ(૨) ડંગોરો (૩) પતન (૪) વીજ (૭) મામા (૯) તરકટ (૧૧) મથક (૧૩) ફેંટ (૧૫) કલર (૧૬) ળાક(કળા) (૧૭) અણઘડ (૧૯) હેવાન (૨૧) તમીજ (૨૩) સધરો (૨૪) પાપડ (૨૬) જાન (૨૮) કર.

# માર્કેટયાર્ડના ભાવ

| | | |
|---|---|---|
| **રાજકોટ** | | |
| કપાસ બી.ટી. | ૧૭૦૦ | ૨૦૬૧ |
| ઘઉં લોકવન | ૪૦૨ | ૪૩૫ |
| ઘઉં ટુકડા | ૪૧૬ | ૪૮૬ |
| જુવાર સફેદ | ૩૮૦ | ૫૯૦ |
| જુવાર પીળી | ૨૯૦ | ૩૭૦ |
| બાજરી | ૨૮૫ | ૪૨૬ |
| તુવેર | ૧૦૮૦ | ૧૨૯૬ |
| ચણા પીળા | ૮૪૦ | ૯૧૫ |
| અડદ | ૮૦૦ | ૧૩૦૦ |
| મગ | ૯૦૦ | ૧૪૧૬ |
| વાલ દેશી | ૮૫૦ | ૧૩૫૦ |
| વાલ પાપડી | ૧૩૫૦ | ૧૮૦૫ |
| ચોળી | ૯૫૦ | ૧૬૫૦ |
| મઠ | ૧૩૦૦ | ૧૫૦૦ |
| કળથી | ૧૫૦૦ | ૧૬૨૫ |
| સીંગદાણા | ૧૫૦૦ | ૧૬૨૫ |
| મગફળી જાડી | ૯૧૦ | ૧૧૩૫ |
| મગફળી જીણી | ૮૮૦ | ૧૦૯૨ |
| તલી | ૧૮૭૦ | ૨૧૯૦ |
| સુરજમુખી | ૭૫૦ | ૯૮૦ |
| એરંડા | ૧૨૧૫ | ૧૨૬૭ |
| અજમો | ૧૩૫૦ | ૨૩૧૧ |
| સુવા | ૮૭૦ | ૧૦૮૦ |
| સોયાબીન | ૯૦૦ | ૧૨૪૨ |
| સીંગફાડા | ૧૦૪૦ | ૧૪૯૦ |
| કાળા તલ | ૧૭૦૦ | ૨૪૭૦ |
| લસણ | ૨૨૦ | ૫૦૦ |
| ધાણા | ૧૬૦૦ | ૧૮૩૫ |
| મરચા સુકા | ૧૧૫૦ | ૩૬૦૦ |
| જીરૂ | ૨૮૦૦ | ૩૫૨૦ |
| રાય | ૧૨૫૦ | ૧૭૨૬ |
| મેથી | ૯૦૦ | ૧૩૪૬ |
| ઈસબગુલ | ૧૭૫૦ | ૨૨૦૦ |
| રાયડો | ૧૦૦૫ | ૧૩૦૦ |
| **રાજકોટ(શાકભાજી)** | | |
| લીંબુ | ૩૪૦ | ૫૨૦ |
| બટેટા | ૧૦૦ | ૨૨૦ |
| ડુંગળી સુકી | ૭૫ | ૪૦૫ |
| ટમેટા | ૨૦૦ | ૪૦૦ |
| સુરણ | ૨૩૦ | ૪૨૦ |
| કોથમરી | ૧૦૦ | ૧૮૦ |
| સકરીયા | ૩૫૦ | ૪૭૦ |
| મુળા | ૧૫૦ | ૨૫૦ |
| રીંગણા | ૪૦૦ | ૭૦૦ |
| કોબીજ | ૨૦૦ | ૩૦૦ |
| ફ્લાવર | ૨૫૦ | ૪૫૦ |
| ભીંડો | ૬૦૦ | ૯૦૦ |
| ગુવાર | ૧૦૦૦ | ૧૨૦૦ |

| | | |
|---|---|---|
| ચોળાસીંગ | ૩૦૦ | ૫૫૦ |
| વાલોળ | ૨૦૦ | ૩૩૦ |
| ટીંડોરા | ૩૦૦ | ૪૫૦ |
| દુધી | ૧૫૦ | ૨૮૦ |
| કારેલા | ૭૦૦ | ૧૦૦૦ |
| તુરીયા | ૫૦૦ | ૮૦૦ |
| પરવર | ૬૦૦ | ૯૦૦ |
| કાકડી | ૨૫૦ | ૪૦૦ |
| ગાજર | ૧૮૦ | ૩૪૦ |
| વટાણા | ૩૩૦ | ૪૭૦ |
| તુવેરસીંગ | ૩૫૦ | ૫૨૦ |
| ગલકા | ૪૦૦ | ૭૦૦ |
| બીટ | ૨૦૦ | ૪૦૦ |
| મેથી | ૧૨૦ | ૧૭૦ |
| વાલ | ૫૦૦ | ૭૦૦ |
| ડુંગળી લીલી | ૧૦૦ | ૨૫૦ |
| આદુ | ૩૫૦ | ૫૫૦ |
| ચણા લીલા | ૧૨૦ | ૩૧૦ |
| મરચા લીલા | ૫૦૦ | ૭૦૦ |
| હળદર લીલી | ૩૦૦ | ૫૩૦ |
| લસણ લીલું | ૩૫૦ | ૫૫૦ |
| મકાઈ લીલી | ૧૫૦ | ૪૫૦ |
| **અમરેલી** | | |
| શિંગ મઠડી | ૯૫૦ | ૧૧૪૫ |
| શિંગ મોટી | ૮૦૧ | ૧૧૪૮ |
| શિંગ દાણા | ૮૭૦ | ૧૧૫૧ |
| તલ સફેદ | ૧૧૦૦ | ૨૨૪૦ |
| તલ કાળા | ૧૨૫૦ | ૨૪૯૧ |
| તલ કાશ્મીરી | ૧૬૭૫ | ૨૦૯૯ |
| બાજરો | ૩૮૧ | ૪૧૫ |
| જુવાર | ૩૫૯ | ૫૭૭ |
| ઘઉં ટુકડા | ૩૭૦ | ૫૨૭ |
| ઘઉં લોકવન | ૩૦૫ | ૪૫૧ |
| ચણા | ૭૦૦ | ૯૭૧ |
| તુવેર | ૭૨૫ | ૧૩૧૧ |
| કપાસ | ૧૩૮૭ | ૨૦૮૬ |
| જીરું | ૧૪૨૦ | ૩૬૬૧ |
| ગમ ગુવાર | ૧૦૮૦ | ૧૧૪૦ |
| ધાણા | ૧૩૬૦ | ૧૯૦૧ |
| સોયાબીન | ૧૧૪૩ | ૧૨૨૦ |
| મેથી | ૯૨૫ | ૧૧૦૨ |
| અજમા | ૧૫૩૦ | ૩૦૦૫ |
| ઈસબગુલ | ૧૨૩૦ | ૧૨૩૦ |
| એરંડા | ૧૧૬૦ | ૧૧૬૦ |
| **અમરેલી(શાકભાજી)** | | |
| બટેટા | ૧૩૦ | ૨૨૦ |
| રીંગણા | ૯૦૦ | ૧૦૨૦ |
| ફ્લાવર | ૨૦૦ | ૩૨૦ |
| કોબીઝ | ૩૫૦ | ૪૨૦ |

| | | |
|---|---|---|
| ટમેટાં | ૩૫૦ | ૪૦૦ |
| સુરણ | ૨૫૦ | ૩૫૦ |
| ગાજર | ૩૦૦ | ૪૪૦ |
| દુધી | ૨૫૦ | ૩૦૦ |
| ગલકા | ૭૦૦ | ૮૦૦ |
| મુળા | ૧૦૦ | ૧૨૦ |
| કાકડી | ૩૦૦ | ૪૦૦ |
| ગુવાર | ૧૩૦૦ | ૧૬૦૦ |
| વાલોળ | ૨૫૦ | ૩૦૦ |
| વટાણાં | ૫૦૦ | ૬૦૦ |
| ચોળા લીલા | ૯૦૦ | ૧૦૦૦ |
| તુરીયા | ૯૫૦ | ૧૧૮૦ |
| ભીંડો | ૯૦૦ | ૧૧૯૦ |
| હળદર લીલી | ૨૦૦ | ૩૦૦ |
| આદુ | ૪૫૦ | ૫૦૦ |
| કોથમીર | ૨૦૦ | ૨૫૦ |
| મેથીભાજી | ૧૨૦ | ૧૫૦ |
| ફોદીનો | ૨૧૦ | ૩૨૦ |
| ટીંડોરા | ૫૦૦ | ૬૦૦ |
| બીટ | ૩૦૦ | ૪૦૦ |
| લીલી તુવેર | ૬૦૦ | ૭૦૦ |
| મકાઈ | ૩૦૦ | ૩૫૦ |
| લીમડો મીઠો | ૧૦૦ | ૧૩૦ |
| મરચાં લીલા | ૪૫૦ | ૬૧૦ |
| મરચાં લાલ | ૩૫૦ | ૧૨૫૦ |
| ડુંગળી લીલી | ૨૫૦ | ૩૦૦ |
| ડુંગળી સુકી | ૨૦૦ | ૪૫૦ |
| લસણ લીલું | ૪૫૦ | ૫૦૦ |
| લસણ સુકુ | ૩૫૦ | ૪૫૦ |
| લીંબુ | ૪૦૦ | ૫૦૦ |
| પાલક | ૨૦૦ | ૩૦૦ |
| વાલ | ૭૦૦ | ૭૫૦ |
| મેથીભાજી | ૧૨૦ | ૧૫૦ |
| આમળા | ૫૦૦ | ૬૦૦ |
| **બાબરા** | | |
| કપાસ શંકર | ૧૬૧૫ | ૨૦૮૫ |
| કપાસ કોડી | ૧૧૦૦ | ૧૫૧૦ |
| મગફળી | ૯૭૫ | ૧૧૦૫ |
| તલ સફેદ | ૧૪૮૦ | ૨૦૮૦ |
| જીરૂ | ૧૮૯૦ | ૩૪૦૦ |
| ઘઉં | ૩૫૯ | ૪૪૧ |
| તુવેર | ૧૦૧૭ | ૧૧૧૩ |
| **મહુવા** | | |
| શીંગ નં. ૫ | ૧૦૨૫ | ૧૧૨૫ |
| શીંગ જી-૨૦ | ૭૪૦ | ૧૧૪૧ |
| શીંગ નં.૩૯ | ૯૯૨ | ૧૦૭૨ |
| જુવાર | ૩૧૭ | ૫૬૫ |
| બાજરી | ૩૬૪ | ૪૫૮ |
| ઘઉં ટુકડા | ૫૪૨ | ૬૪૫ |

| | | |
|---|---|---|
| દેશી મગ | ૧૯૪૦ | ૨૦૪૫ |
| ચણા | ૬૫૦ | ૧૧૯૦ |
| તલ સફેદ | ૧૬૯૦ | ૨૨૩૮ |
| તલ કાળા | ૨૦૦૧ | ૨૧૩૬ |
| તુવેર | ૯૯૯ | ૧૧૩૮ |
| ડુંગળી સફેદ | ૧૦૮ | ૩૩૮ |
| ડુંગળી લાલ | ૧૫૦ | ૪૭૭ |
| કપાસ | ૧૧૦૦ | ૨૦૧૦ |
| નાળીયેર | ૭૦૨ | ૧૭૫૨ |
| જીરું | ૩૦૦૦ | ૩૫૫૦ |
| અજમા | ૧૨૦૦ | ૧૭૯૯ |
| કાંગ | ૬૯૮ | ૬૯૮ |
| **બગસરા** | | |
| કપાસ | ૧૫૦૦ | ૨૦૮૨ |
| ઘઉં લોકવન | ૩૯૧ | ૪૪૯ |
| ચણા | ૭૫૦ | ૮૮૦ |
| ધાણા | ૧૩૩૦ | ૧૬૨૫ |
| તુવેર | ૧૧૩૨ | ૧૨૨૪ |
| મેથી | ૧૧૩૧ | ૧૧૫૧ |
| જુવાર | ૪૧૦ | ૫૫૦ |
| મકાઈ | ૪૦૦ | ૪૫૦ |
| મગ | ૭૫૦ | ૮૦૦ |
| અજમાં | ૧૮૫૦ | ૧૯૧૫ |
| **સાવરકુંડલા** | | |
| શીંગ મોટી | ૯૫૧ | ૧૧૪૦ |
| તલ સફેદ | ૧૬૮૦ | ૨૨૫૦ |
| તલ કાળા | ૧૭૫૦ | ૨૩૫૧ |
| જીરૂ | ૩૦૫૪ | ૩૬૬૦ |
| કપાસ | ૧૬૫૦ | ૨૧૨૧ |
| ગોઘમ લોકવન | ૩૫૮ | ૪૮૦ |
| ગોઘમ ટુકડા | ૩૭૦ | ૪૭૦ |
| બાજરો | ૩૮૩ | ૪૫૩ |
| સોયાબીન | ૯૦૦ | ૧૨૩૦ |
| ચણા | ૬૨૫ | ૯૧૭ |
| તુવેર | ૧૦૫૦ | ૧૨૬૮ |
| મેથી | ૯૦૦ | ૧૦૪૦ |
| ધાણા | ૧૭૪૦ | ૧૮૦૦ |
| ચોળી | ૧૩૮૦ | ૧૩૮૦ |
| જુવાર | ૪૫૦ | ૫૬૬ |
| **જામનગર** | | |
| બાજરી | ૩૦૦ | ૪૩૭ |
| ઘઉં | ૩૭૦ | ૪૩૦ |
| મગ | ૧૪૦૦ | ૧૪૫૫ |
| અડદ | ૪૦૦ | ૧૧૭૫ |
| તુવેર | ૮૫૦ | ૯૧૫ |
| મઠ | ૧૦૦૦ | ૧૧૩૦ |
| ચોળી | ૧૦૫૦ | ૧૨૨૦ |
| વાલ | ૧૦૦૦ | ૧૨૯૦ |
| ચણા | ૬૯૦ | ૮૯૫ |

| | | |
|---|---|---|
| મગફળી - જીણી | ૯૩૨ | ૧૦૬૪ |
| મગફળી જાડી | ૮૨૫ | ૧૦૨૧ |
| તલી | ૧૩૦૦ | ૨૧૨૫ |
| તલ કાળા | ૮૨૫ | ૧૦૨૧ |
| રાયડો | ૭૦૦ | ૧૫૮૦ |
| લસણ | ૧૦૦ | ૭૦૦ |
| કપાસ | ૧૫૦૦ | ૨૦૩૦ |
| જીરૂ | ૨૫૫૦ | ૩૫૫૦ |
| અજમો | ૧૮૦૦ | ૫૬૦૦ |
| અજમાની ભુસી | ૧૦૦ | ૨૩૫૦ |
| ડુંગળી સુકી | ૧૦૦ | ૪૫૦ |
| મરચા સુકા | ૫૦૦ | ૩૮૦૦ |
| **રાજુલા** | | |
| બાજરો | ૩૩૦ | ૩૬૨ |
| જુવાર | ૪૭૦ | ૬૬૧ |
| ઘઉં ટુકડા | ૩૯૬ | ૪૦૩ |
| મગ | ૧૭૦૩ | ૧૭૦૩ |
| અડદ | ૫૫૦ | ૧૬૦૦ |
| તુવેર | ૧૦૫૦ | ૧૨૦૦ |
| ચણા | ૮૦૦ | ૮૦૦ |
| તલ સફેદ | ૧૧૦૦ | ૨૩૦૦ |
| તલ કાળા | ૧૫૦૦ | ૨૫૦૦ |
| એરંડી | ૧૨૦૦ | ૧૨૦૦ |
| કપાસ | ૧૪૫૦ | ૨૦૭૧ |
| ધાણા | ૧૩૦૦ | ૧૩૦૦ |
| વાલ | ૧૦૦૦ | ૧૦૦૦ |
| શીંગ | ૯૬૦ | ૧૧૧૧ |
| મકાઈ | ૩૭૨ | ૩૭૨ |
| **ગોંડલ** | | |
| કપાસ બી.ટી. | ૧૦૦૧ | ૨૧૦૦ |
| ઘઉં લોકવન | ૩૮૪ | ૪૫૨ |
| ઘઉં ટુકડા | ૩૯૪ | ૫૨૪ |
| મગફળી જીણી | ૮૨૦ | ૧૨૦૬ |
| મગફળી જાડી | ૭૮૦ | ૧૧૬૧ |
| સીંગ ફાડીયા | ૧૧૦૦ | ૧૪૭૮ |
| એરંડા/એરંડી | ૧૦૬૧ | ૧૨૭૧ |
| જીરૂ | ૨૩૦૧ | ૩૬૧૧ |
| ધાણા | ૧૨૦૦ | ૧૭૮૧ |
| મરચા સુકો પટ્ટો | ૬૫૧ | ૩૧૫૧ |
| લસણ સુકુ | ૨૧૧ | ૫૮૧ |
| ડુંગળી લાલ | ૯૧ | ૪૫૧ |
| અડદ | ૬૨૬ | ૧૨૫૧ |
| તુવેર | ૯૫૧ | ૧૨૮૧ |
| રાય | ૧૪૭૧ | ૧૪૮૧ |
| મેથી | ૯૦૧ | ૧૧૭૧ |
| તલ-તલી | ૧૩૦૦ | ૨૧૪૧ |
| ધાણી | ૧૨૫૧ | ૧૮૬૧ |
| ડુંગળી સફેદ | ૧૨૧ | ૨૧૭ |
| બાજરો | ૩૦૧ | ૪૧૧ |

| | | |
|---|---|---|
| જુવાર | ૪૩૧ | ૫૫૧ |
| મકાઈ | ૪૦૧ | ૪૦૧ |
| મગ | ૮૦૦ | ૧૪૦૧ |
| ચણા | ૮૩૧ | ૯૧૬ |
| વાલ | ૮૨૬ | ૧૧૭૧ |
| ચોળા-ચોળી | ૧૧૨૬ | ૧૧૨૬ |
| સોયાબીન | ૧૧૦૧ | ૧૨૪૬ |
| ગોગળી | ૭૮૦ | ૧૦૪૬ |
| નવુ જીરૂ | ૨૪૦૧ | ૩૪૦૧ |
| ઈસલબુલ | ૧૮૨૬ | ૧૯૭૬ |
| ધાણા | ૧૨૦૦ | ૧૭૮૧ |
| નવા ધાણા | ૧૨૫૧ | ૧૭૭૬ |
| નવી ધાણી | ૧૩૨૧ | ૨૨૦૦ |
| **ખાંભા** | | |
| કપાસ | ૧૩૭૦ | ૨૦૦૩ |
| મગફળી | ૧૦૦૧ | ૧૦૫૧ |
| તુવેર | ૧૧૧૦ | ૧૧૧૦ |
| **ધારી** | | |
| કપાસ | ૧૩૫૫ | ૨૦૩૦ |
| મગફળી | ૧૦૮૫ | ૧૦૯૦ |
| તુવેર | ૧૧૭૦ | ૧૨૬૦ |
| સોયાબીન | ૧૧૬૦ | ૧૧૬૦ |
| મેથી | ૧૨૦૫ | ૧૨૦૫ |
| સફેદ તલ | ૧૫૦૦ | ૧૫૦૦ |
| કાળા તલ | ૧૭૭૫ | ૧૭૭૫ |
| મકાઈ | ૩૬૦ | ૩૬૦ |
| વરીયાળી | ૧૦૩૦ | ૧૦૩૦ |
| ધાણા | ૧૩૯૦ | ૧૩૯૦ |
| **લીલીયા મોટા** | | |
| કપાસ | ૧૫૪૪ | ૨૦૩૮ |
| કપાસ કોડી | ૧૨૭૧ | ૧૫૩૦ |
| **કોડીનાર** | | |
| મગફળી જી-૨૦ | ૯૭૦ | ૧૨૦૪ |
| બાજરી | ૩૦૦ | ૪૮૪ |
| ઘઉં ટુકડા | ૩૬૦ | ૪૯૨ |
| કાંગ | ૪૦૦ | ૫૧૧ |
| રાઈ | ૧૨૫૦ | ૧૪૬૬ |
| તુવેર | ૧૦૧૧ | ૧૩૧૨ |
| જુવાર | ૪૦૦ | ૬૩૧ |
| મગ | ૧૦૦૦ | ૧૪૬૦ |
| ચણા | ૭૧૦ | ૮૮૧ |
| જાકળીયા તલ | ૧૫૫૦ | ૧૯૪૦ |
| સફેદ તલ | ૧૬૫૦ | ૧૯૭૦ |
| કાળા તલ | ૧૫૦૦ | ૨૪૩૨ |
| સોયાબીન | ૧૧૦૦ | ૧૨૩૭ |
| કાળા તલ | ૧૫૦૦ | ૨૪૩૨ |
| સોયાબીન | ૧૧૦૦ | ૧૨૩૭ |
| ધાણા | ૯૫૦ | ૧૫૩૦ |
| કપાસ | ૧૬૧૦ | ૨૦૦૦ |

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya
Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI .No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

# કોરોના કેસમાં વધારો : રાજ્યમાં બુધવારે કોરોનાના નવા ૮૯૩૪ કેસ, ૩૪નાં મોત

ગાંધીનગર, તા.૨



રાજ્યમાં ફરી સતત બે દિવસથી કોરોનાના કેસમાં નોંધપાત્ર વધારો થઈ રહ્યો છે. વિતેલા ૨૪ કલાકમાં રાજ્યમાં નવા ૮૯૩૪ કેસ નોંધાયા છે. જ્યારે ૩૪ના મોત થયા છે. જેમાં અમદાવાદમાં ૩૩૬૮ કેસ, વડોદરામાં ૧૯૨૧ કેસ, રાજકોટમાં ૪૭૮ કેસ, સુરતમાં ૫૧૩ અને ગાંધીનગરમાં ૪૩૧ કેસ નોંધાયા છે. જ્યારે અમદાવાદમાં ૧૦, રાજકોટમાં ૫, વડોદરામાં ૪, સુરતમાં ૪, ભરૂચમાં ૩, મહેસાણામાં ૧, ગાંધીનગરમાં ૧, ભાવનગરમાં ૧, જામનગરમાં ૨, નવસારીમાં ૧, સુરેન્દ્રનગરમાં ૧ અને બોટાદમાં ૧ એમ કુલ ૩૪ના મોત થયાં છે.

બીજી તરફ બુધવારે૧૫,૧૭૭ દર્દી સાજા થયા છે. જ્યારે રાજ્યનો રિકવરી રેટ વધીને ૯૨.૬૫ ટકા થઈ ગયો છે. જોકે સતત ચોથા દિવસે નવા કેસ ૧૦હજારથી ઓછા નોંધાયા છે. રાજ્યમાં છેલ્લા ૫ દિવસથી ૩૦થી વધારે દર્દીના મોત નોંધાઈ રહ્યા છે. ૨૮ જાન્યુઆરીએ ૩૦, ૨૯ જાન્યુઆરીએ ૩૩, ૩૦ જાન્યુઆરીએ ૩૦, ૩૧ જાન્યુઆરીએ ૩૫ અને આજે ૧ ફેબ્રુઆરીએ ૩૮ અને ૨ ફેબ્રુઆરીએ ૩૪ એમ કુલ ૨૦૦ દર્દીના મોત નોંધાયા છે.

# ગાંધીનગરના સાંતેજમાં મસમોટા દારૂના ગોડાઉનનો પર્દાફાશ, રૂ. ૪૫. ૬૦ લાખના મુદ્દામાલ સાથે ત્રણ ઝબ્બે

ગાંધીનગર, તા.૨



ગાંધીનગર જિલ્લાના સાંતેજ પોલીસ મથકમાં વડસર ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ ખાતે છેલ્લા બે મહિનાથી ધમધમતા વિદેશી દારૂ અને બિયરનાં મસમોટા ગોડાઉનનો લોકલ ક્રાઈમ બ્રાંચે પર્દાફાશ કર્યો હતો. ગઈકાલે મોડીરાત્રે પૂર્વ બાતમીના આધારે વડસર ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ ખાતેથી આઈસર ટ્રક ઝડપી લેવાઈ હતી. જેમાં એરંડાનાં કોથળા નીચેથી વિદેશી દારૂ-બિયરની ૩૯ પેટીઓ મળી હતી. બાદમાં અહીં આવેલા ગોડાઉનમાં પોલીસ કાફલો પહોંચી ગયો હતો. જ્યાં પોલીસે દારૂ બિયરનો કુલ ૬૭૪૬ નંગ જથ્થો કિ રૂ. ૨૯ લાખ ૬૧ હજાર ૮૭૦, એક આઈસર ટ્રક, ફોકસવેગન કાર, ત્રણ ટુ વ્હીલર, ૭ મોબાઈલ અને રૂ.૩૪ હજાર ૭૦૦ રોકડ મળી કુલ રૂ.૪૫ લાખ ૬૦ હજાર ૩૯૦નો મુદ્દામાલ જપ્ત કરી નીશીત યોગેશ પટેલ (નારાયણપુરા), વનારામ સવારામ દેવાસી (દેસાઈ) (રહે.રાજસ્થાન) અને શોબીંદસિંગ અર્જુનસિંગ (મધ્યપ્રદેશ)ની ધરપકડ કરી હતી. જ્યારે જૈમીન મહેન્દ્ર પટેલ અને કિશન મારવાડી રાજપૂત નાસી છૂટ્યા હતા.

# ભાવનગરમાં પેગાસેસ મુદ્દે ધરણાં-વિરોધ પ્રદર્શન કરી રહેલા યુથ કોંગ્રેસના ૨૦ કાર્યકરોની અટકાયત

ભાવનગર, તા.૨



દિલ્હી સ્થિત સંસદ સત્રમા પેગાસેસ માધ્યમથી કરાતી જાસૂસી મુદ્દે જવાબદારો સામે કાયદાકીય પગલાં લેવાની કોંગીઓ દ્વારા ઉગ્ર માંગ કરવામાં આવી રહી છે. ત્યારે ભાવનગર શહેર યુથ કોંગ્રેસ દ્વારા પેગાસેસ જાસૂસી કાંડમાં સંડોવાયેલા વિરુદ્ધ પગલાં લેવાની માંગ સાથે જિલ્લા કલેક્ટર કચેરી સામે ધરણાં સાથે રોડ રોકો આંદોલનનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જે બાદ રોડ પર કાર્યકરો સુઈ ચક્કાજામ કરવા જતાં અને ધરણાં પર બેઠેલા યુથ કોંગ્રેસના પ્રમુખ, કાર્યકરો, આગેવાનો સહિતના ૨૦ જેટલા સભ્યોની એ-ડીવીઝન પોલીસે અટકાયત કરી હતી.

# સુરતમાં રેલવેને અડચણરૂપ મખ્દુમનગર ઝુંપડપટ્ટીમાં આવતીકાલે ડિમોલેશન કરાશે

સુરત, તા.૨

સુરતમાં રઘુકુળ માર્કેટ પાસેની મખદુમનગર ઝુંપડપટ્ટીમાં આવતીકાલથી મેગા ડિમોલિશન શરૂ કરવામાં આવનાર છે. અગાઉ રેલ પ્રશાસન દ્વારા રેલવેને નડતરરૂપ આ ઝૂંપડાવાસીઓને આખરી અલ્ટીમેટમ આપવામાં આવ્યું હતું. જેને પગલે ગઈકાલે મખદૂમનગરમાં સ્વૈચ્છિક સામાન ખસેડવાની કામગીરી દરમિયાન મનપાની દબાણ ટીમ સામાન ભરતા ભારે હોબાળો મચ્યો હતો. આજે આ અલ્ટીમેટમનો છેલ્લો દિવસ છે. ગત મહિને રેલવે ટ્રેકને નડતરરૂપ મિલનનગરના ઝુંપડાઓનું ડિમોલિશન કરાયું હતું. ત્યારબાદ રઘુકુળ માર્કેટ પાસેની મખદૂમનગર ઝૂંપડપટ્ટીનું ડિમોલિશન કરવા માટે રેલ પ્રશાસને અલ્ટીમેટમ આપ્યું હતું. આજે આ અલ્ટીમેટમનો છેલ્લો દિવસ છે. આ ઝુંપડાવાસીઓ સ્વયંભૂ નહીં ખસે તો આવતીકાલથી રેલ પ્રશાસન દ્વારા મેગા ડિમોલિશન શરૂ કરી દેવામાં આવશે.

# રાજ્યમાં બંધ સ્ટ્રીટલાઈટોની ફરિયાદો વધતા એજન્સી પાસેથી મેન્ટેનન્સ કામ પરત લેવાશે

ગાંધીનગર, તા.૨



રાજ્યના શહેરી વિસ્તારોમાં ઉર્જા બચતના ભાગરૂપે એલઈડી સ્ટ્રીટ લાઈટો નાંખવાની યોજના હેઠળ ઈઈએસએલ કંપની દ્વારા રાજ્યના કેટલાક મહાનગરો સહિત ૧૨૯ નગરપાલિકામાં એલઈડી સ્ટ્રીટ લાઈટો નાંખવામાં આવી છે. હાલ કુલ ૬.૭૭ લાખ જેટલી એલઈડી સ્ટ્રીટ લાઈટો શહેરી વિસ્તારોમાં નંખાઈ છે. આ સાથે સ્ટ્રીટ લાઈટના મેઈન્ટેનન્સની કામગીરી પણ ઈઈએસએલ કંપની દ્વારા સંભાળવામાં આવે છે પરંતુ છેલ્લા કેટલાક સમયથી બંધ સ્ટ્રીટ લાઈટોની ફરિયાદો વધતા અને ફરિયાદોનો નિકાલ સમયસર નહી થવાથી સરકાર દ્વારા મેઈન્ટેનન્સની કામગીરી પરત લેવાની વિચારણા હાથ ધરાઈ છે. અનેક વિસ્તારોમાં નાગરિકો દ્વારા ફરિયાદો કરવા છતાં તેનો સમયસર ઉકેલ લવાતો નથી. ૬ મહિના સુધી બંધ સ્ટ્રીટ લાઈટો ચાલુ કરાઈ નહીં હોવાના કિસ્સા પણ સરકાર સુધી પહોંચ્યા હતાં. જેથી હવે મનપા અને પાલિકાઓને અગાઉની જેમ સત્તા આપવાની વિચારણા થઈ રહી છે.

# ખીજડીયા પક્ષી અભ્યારણ્યને રાજ્યની ચોથી રામસર સાઈટ તરીકે જાહેર કરાયું

જામનગર, તા.૨




આજે વર્લ્ડ વેટલેન્ડ ડે પર જામનગર અને પક્ષીપ્રેમીઓને મોટી ભેટ મળી છે. જામનગર નજીક આવેલા ખીજડીયા પક્ષી અભ્યારણ્યને રામસર સાઈટ જાહેર કરવામાં આવી છે. જળપ્લાવિત વિસ્તારો જેવા કે નદી,સરોવરોના સંરક્ષણ અને જાળવણી અને લોકજાગૃતિ માટે આ દિવસ ઉજવાય છે. ઈરાનમાં ૨ ફેબ્રુઆરી, ૧૯૭૧ના રોજ રામસર કન્વેન્સન ઓફ વેટલેન્ડનું આયોજન થયું હતું ત્યારથી દર વર્ષે આ દિવસને વેટલેન્ડ દિવસ તરીકે ઉજવવામાં આવે છે. મહત્વનું છે કે, ગુજરાતમાં હવે નળ સરોવર, થોર અને વઢવાણા બાદ ખીજડીયા ચોથી રામસર સાઈટ બની છે.

# સુરતમાં એટીએમ સેન્ટરમાં લોકોની મદદના બહાને ખાતા સાફ કરનારો ભેજાબાજ ઝડપાયો

સુરત, તા.૨



સુરત શહેરમાં અલગ અલગ વિસ્તારોમાં એટીએમ સેન્ટરમાં લોકોને વાર્તામાં ભોળવી મદદ કરવાના બહાને એટીએમ કાર્ડનો પિન નંબર જાણી એટીએમ કાર્ડ બદલી લોકોના ખાતા સાફ કરનાર ભેજાબાજ આરોપી સંતોષ ઉર્ફે રોશન ચંદ્રભાન યાદવ (ઉ.વ.૨૪.રહે, ડિંડોલી એસએમસી આવાસ)ને એસઓજી પોલીસે ઝડપી પાડ્યો છે. આરોપીની ધરપકડ સાથે જ પાંચ ગુનાના ભેદ ઉકેલવામાં પોલીસ સફળ થઈ છે. પોલીસે આરોપી પાસેથી અલગ અલગ બેંકના ૩૯ એટીએમ કાર્ડ, રોકડા ૨૨૩૦૦ અને મોબાઈલ મળી કુલ રૂપિયા ૨૬૩૦૦નો મુદામાલ જપ્ત કર્યો છે. હજુ અનેક ગુનાના ભેદ ઉકેલાય એવી શક્યતા હોવાનું પોલીસે જણાવ્યું છે. પોલીસે તેના બેંક એકાઉન્ટ બાબતે તપાસ કરતા એકાઉન્ટમાંથી ૨,૫૩ ૦૦૦નું બેલેન્સ મળી આવતા પોલીસ પણ ચોંકી ઉઠી હતી. પોલીસ દ્વારા હાલ તો આરોપીનું બેંક ખાતુ ફ્રિઝ કરવામાં આવ્યું છે.

# ધંધુકામાં હત્યાના વિરોધમાં હરમડીયા ગામ સજ્જડ બંધ



તસવીર : કૈલાશ ભટ્ટ

ઉના, તા.૨

ધંધુકાનાં કિશન ભરવાડની નિર્મમ હત્યાના વિરોધમાં અને વિધર્મી હત્યારાઓને ફાંસી આપવામાં આવે તેની માંગ સાથે ગીરગઢડા તાલુકાના હરમડીયા ગામે સર્વે સમાજે બંધ પાળી વિરોધ વ્યક્ત કર્યો હતો.

# અડવી ગામે ફોરટ્રેક રોડના કામમાં લાપરવાહીથી અકસ્માતની ભીતિ

ડોળાસા, તા. ૨



તસવીર : અનિલ કાનાબાર

કોડીનાર તાલુકાના ડોળાસાથી ૩ કિમી દૂર અડવી ગામ નજીક આવેલા ફોરટ્રેક હાઈવે રોડનું સંપૂર્ણ કામ પૂર્ણ કરવામાં આવ્યું છે. પરંતુ આ કામમાં કોન્ટ્રાક્ટરની સરેઆમ લાપરવાહી સામે આવી છે. આ હાઈવે પરથી ગામના રોડ ઉપર ચડતાં ચાર ઈંચની કટ પડી ગઈ છે અને ગામના જુના સિંગલ પટ્ટી રોડ સુધી માટી પણ નથી.ત્યારે હાઈવે રોડના કામ બાદ આ કામ અધૂરૂ છોડી દેવાતા હાઈવે ઉપરથી ઉતરતા કે ચડતાં સતત અકસ્માતોનો ભય લોકોને સતાવી રહ્યો છે. જેના કારણે અહીં અનેક નાના-મોટા અકસ્માતો થયા છે. આ અંગે રોડ કોન્ટ્રાકટર અને લાગતા વળગતાઓને અનેક વખત રજૂઆત પણ કરવામાં આવી હોવા છતાં બે વર્ષથી કોઈ નિરાકરણ કરાયું નથી. ત્યારે તાત્કાલિક આ કામ પુરૂ કરવામાં આવે અન્યથા અડવી ગામના લોકોએ આંદોલનની ચિમકી ઉચ્ચારી છે.

# ઉનાના કોબ ગામની સીમ વિસ્તારમાંથી ૨૬૪ બોટલ દારૂ સાથે ત્રણ ઝડપાયા

ઉના, તા.૨

ઉના તાલુકાના કોબ ગામની સીમ વિસ્તારમાંથી થેલામાં દારૂ ભરી બાઈક પર લઈ જવાતો હોવાની બાતમી આધારે દારૂના જથ્થા સાથે ત્રણ શખ્સોને નવાબંદર મરીન પોલીસે ઝડપી લઈ ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે. પ્રાપ્ત વિગત મુજબ સુનેન યુસુબ શેખ રહે. કોબ, પ્રવિણ બાલુ સોલંકી રહે, બોડીદર તા.ગીરગઢડા અને રણજીત પરબત સોસા રહે. કાજ તા.કોડીનાર કોબ ગામની સીમ વિસ્તારમાં દારૂનો જથ્થો લઈ આવતા હોવાની નવાબંદર મરીન પોલીસને બાતમી મળતા સીમ વિસ્તારમાં આવેલ દરગાહ પાસે વોચ ગોઠવી બાઈક નં. જીજે ૧૧ એજે ૩૭૩૦ અને અન્ય એક નંબર પ્લેટ વગરની બાઈક ચાલકોને રોકતા બાઈક પર સવાર ત્રણ શખ્સોએ નાસી જવાનો પ્રયાસ કર્યો હતો. પરંતુ પોલીસે ત્રણેય શખ્સોને ઝડપી લઈ તેમની પાસેથી દારૂની ૨૬૪ બોટલ, ૩ મોબાઈલ અને બે બાઈક સહિત કુલ રૂ.૬૭,૬૦૦ના મુદામાલ સાથે ઝડપી લઈ આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# જસદણ શહેર ભાજપ મહિલા મોરચાના કાર્યકારી પ્રમુખના રાજીનામાથી ચકચાર

જસદણ, તા.૨



જસદણ મહિલા મોરચાના કાર્યકારી પ્રમુખ અને જસદણ નગરપાલીકા વોર્ડ નં.૬ ના સભ્ય માધવીબેન ઉર્ફે સોનલબેન તેજસભાઈ વસાણીએ એકાએક રાજીનામું આપી દેતા ભાજપના રાજકારણમાં ખળભળાટ મચી જવા પામ્યો છે. માધવીબેન વસાણીએ રાજકોટ જિલ્લા ભાજપ મહિલા પ્રમુખ સીમાબેન જોષીને પાઠવેલા રાજીનામાં પત્રમાં જણાવ્યું છે કે, રાજકોટ જિલ્લા ભાજપ મહામંત્રી મનસુખભાઈ રામાણી દ્વારા અમને ધમકીની ભાષામાં કહેવામાં આવે છે કે ધારાસભ્ય કુંવરજીભાઈ બાવળીયાના કાર્યક્રમમાં જવાનું નથી. વધુમાં જણાવ્યું છે કે, જસદણ પાલીકાના કોર્પોરેટર તરીકે અમે સતત સક્રિય રહેશું અને અન્ય મહિલા પ્રમુખ તથા કારોબારી ચેરમેનના પતિદેવ રાજ કરે છે. યુપીના ચૂંટણી પ્રચારમાં ખુબ જ સક્રિય કામ કર્યું છે. તેમ છતાં અમોને માનસિક ત્રાસ આપવામાં આવે છે. જેથી કંટાળીને આ રાજીનામું આપીએ છીએ. આ રાજીનામા પત્ર જિલ્લા ભાજપ પ્રમુખ મનસુખભાઈ ખાચરીયા, પ્રદેશ અધ્યક્ષ સી.આર. પાટીલ, ધારાસભ્ય કુંવરજીભાઈ બાવળીયા અને સહિતનાઓને મોકલવામાં આવ્યો છે.

# ઉનાના ખત્રીવાડા ગામે રક્તદાન કેમ્પ યોજાયો



ઉના, તા.૨

ઉના તાલુકાના ખત્રીવાડા ગામે ગામના યુવાનો દ્વારા રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સ્થાનિક યુવાનોમાં સવારથી જ રક્તદાન માટે અનેરો ઉત્સાહ જોવા મળ્યો હતો. આ સમગ્ર રક્તદાન કેમ્પમાં કુલ ૧૦ બોટલ જેટલુ રક્ત એકત્ર કરવામાં આવ્યું હતું.

# દ્રોણેશ્વર ગુરૂકુલ ખાતે હનુમાનજી સમક્ષ ૧૨ કલાક અખંડ દંડવત કરતા ભક્તો

ઉના, તા.૨



કોરોના મહામારીમાંથી ભારત મુક્ત થાય તેવા હેતુથી ઉના પાસે મચ્છુન્દ્રી નદીના કિનારે આવેલ એસજીવીપી ગુરૂકુલ દ્રોણેશ્વર ખાતે ષટ્તિલા એકાદશીના પર્વે શ્રી કષ્ટભંજનદેવ હનુમાનજી મહારાજની સમક્ષ રાત્રીના જાગરણ સમયે વિજયભાઈ સુતરીયા, ભાવેશભાઈ દેસાઈ, હરિભાઈ ધાનાણી અને ઘનશ્યામભાઈ ખૂંટ સહિતના હરિભક્તોએ ૧૨ કલાક અખંડ દંડવત કર્યા હતા. બીજા દિવસે શનિવારે કોરોના ગાઈડલાઈન મુજબ હનુમાનજી મહારાજનું પંચોપચાર પૂજન અને મહાઆરતી કરવામાં આવી હતી. આ સમૂહ મહાઆરતીમાં પુરાણી બાલકૃષ્ણદાસજી સ્વામી, ભક્તવત્સલદાસજી સ્વામી, વેદાન્તસ્વરૂપદાસજી સ્વામી, ભંડારી હરિકૃષ્ણદાસજી સ્વામી સહિત આચાર્ય મહેશભાઈ જોષી અને મોટી સંખ્યામાં હરિભક્તો જોડાયા હતા.

# કચ્છના ટુરિઝમને કોરોનાનું ગ્રહણ : પ્રવાસીઓમાં ઘટાડો

કચ્છ,તા. ૨



કોરોના વાયરસને કારણે સતત ત્રીજા વર્ષે પણ કચ્છના ટુરિઝમ ઉદ્યોગને મોટું નુકસાન પહોંચ્યુ છે. ચાલુ વર્ષે જાન્યુઆરીની શરૂઆતમાં જ કોરોનાના કેસો વધતા ૧૦ જાન્યુઆરી પછી કચ્છના પર્યટન સ્થળો પર પ્રવાસીઓનો ઘટાડો જોવા મળ્યો હતો. હાલ કચ્છના મુખ્ય ટુરિસ્ટ આકર્ષણ સ્થળ ધોળાવીરા, સફેદ રણ, ધોરડો, કાળો ડુંગર, માંડવી, કોટેશ્વર-નારાયણ સરોવર, લખપત અને અન્ય સ્થળો પર પ્રવાસીઓની સંખ્યામાં ઘટાડો થયો છે. સામાન્ય રીતે રણોત્સવ દરમિયાન કચ્છના પ્રવાસન સ્થળો નવેમ્બરથી ફેબ્રુઆરી સુધી પ્રવાસીઓથી ભરચક જોવા મળે છે. હોટેલ, રિસોર્ટ, ટેન્ટ સિટી ધોરડો પણ મહિનાઓ પહેલાથી બુક થઈ ચૂક્યા હોય છે. પરંતુ કોરોનાના કેસો વધતા આ જાન્યુઆરીમાં ટુરિસ્ટના બુકીંગ નથી આવી રહ્યાં.

# બહેરીનમાં BAPS સ્વામીનારાયણ સંસ્થા મંદિર બનાવશે

યુએઇ તા.૨

મધ્ય પૂર્વના દેશોમાં બહેરીન બીજો દેશ બની ગયો છે કે જ્યાં BAPS સ્વામીનારાયણ સંસ્થા પરંપરાગત હિન્દુ મંદિરનું નિર્માણ કરશે. કિંગડમ ઓફ બહેરીનના ક્રાઉન પ્રિન્સ, ડેપ્યુટી સુપ્રિમ કમાન્ડર અને વડાપ્રધાન પ્રિન્સ સલમાન બિન હમદ અલ ખલીફા સાથે વાતચીત કર્યા બાદ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આ અંગે માહિતી આપી હતી.

તાજેતરમાં જ બહેરીનમાં સ્વામીનારાયણ મંદિરના નિર્માણ માટે જમીનની ફાળવણી કરવામાં આવી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આ અંગે સોશિયલ મીડિયા પર માહિતી આપી હતી.

અબુધાબીમાં BAPS હિન્દુ મંદિરના નિર્માણની કામગીરી જોનારા ધાર્મિક અગ્રણી બ્રહ્મવિહારી સ્વામી બહેરીનના રાજા હમાદ બિન ઈસા અલ ખલિફા તથા પ્રિન્સ સલમાનને છેલ્લા કેટલાક વર્ષોમાં અનેક વખત મળી ચુક્યા છે.



અબુધાબીના BAPS હિન્દુ મંદિરના ચેરમેન અશોક કોટેચાએ આ પ્રકારના ઐતિહાસિક નિર્ણય કરવા બદલ બહેરીન અને ભારત બન્ને દેશના નૈતૃત્વનો આભાર વ્યક્ત કર્યો હતો. BAPS સ્વામીનારાયણ હિન્દુ મંદિર માટે જમીન ફાળવવાના તેમના ઐતિહાસિક નિર્ણય માટે અમે બન્ને દેશના મહાન નેતાઓનો આભાર વ્યક્ત કરી છીએ.તેમણે જણાવ્યું હતું કે અબુધાબીની માફક બહેરીનમાં વૈશ્વિક શાંતિ માટે ધાર્મિક સ્થાનનું અમે નિર્માણ કરશું. અમે બહેરીનમાં ભાઈચારા, શાંતિ અને સેવાના સ્થળનું સર્જન કરવા સાથે મળી કામ કરશું. UAEના પ્રથમ પરંપરાગત પથ્થરોમાંથી અબુધાબીમાં કામગીરી ચાલી રહી છે અને તે આગામી વર્ષે પૂરી થઈ જાય તેવી શક્યતા છે.

# વેસ્ટઈન્ડિઝ સામેની મેચ પૂર્વે ભારતના ૮ ખેલાડીઓ કોરોના પોઝિટિવ

અમદાવાદ તા.૨

વેસ્ટઈન્ડિઝ વિરૂદ્ધ ૬ ફેબ્રુઆરીથી શરૂ થનારી વનડે સીરીઝ પહેલા ટીમ ઈન્ડિયાને મોટો ઝટકો લાગ્યો છે. ભારતીય ક્રિકેટ ટીમના ત્રણ ખેલાડી શિખર ધવન, ઋતુરાજ ગાયકવાડ અને શ્રેયસ અય્યર કોરોના પોઝિટિવ થયા છે. જો કે હજુ ૫ ખેલાડીઓના નામ જાહેર થયા નથી.હાલ આખી ટીમ આઈસોલેશનમાં છે. BCCIની મેડિકલ ટીમ સ્થિતિ પર નજર રાખી રહી છે અને બોર્ડ



ખેલાડીઓના રિપ્લેસમેન્ટ અંગે જાહેરાત કરી શકે છે. હાલ ટીમ ઈન્ડિયા અમદાવાદમાં છે. જ્યાં રવિવારથી નરેન્દ્ર મોદી સ્ટેડીયમમાં ભારત અને વેસ્ટ ઈન્ડિઝ વચ્ચે ત્રણ વનડેની શ્રેણી શરૂ થશે. જો કે પૂર્વ નિર્ધારિત રીતે મોદી સ્ટેડીયમમાં એક પણ દર્શકને પ્રવેશ નહિ મળી શકે. તો કોલકાતામાં આયોજિત T20 સિરીઝમાં ૭૫% દર્શકોને પ્રવેશ મળશે. આ T20 સીરીઝ ૧૬ ફેબ્રુઆરીથી કોલકાતામાં રમાશે.

# દેશમાં નવુ બંધારણ લખવાની જરૂર

## તેલંગણાના મુખ્યમંત્રીનું વિવાદિત નિવેદન

હૈદરાબાદ,તા.૨

તેલંગણાના કેસી રાવે વિવાદિત નિવેદન આપ્યું છે. કેસી રાવે કહ્યુ કે બંધારણને ફરી લખવાની જરૂર છે. તેમણે કહ્યું કે, હું આ માટે શિવસેના ચીફ ઉદ્ધવ ઠાકરેને મળવા જઈ રહ્યો છું. તેલંગણાના મુખ્યમંત્રી કેસી રાવે કહ્યુ કે, દેશમાં નેતૃત્વ પરિવર્તનની જરૂર છે. શિવસેના ચીફ ઉદ્ધવ ઠાકરે સાથે આ મુદ્દે વાત કરવા માટે મુંબઈ જઈ રહ્યો છું. આપણે ફરી બંધારણ લખવું પડશે. નવો વિચાર, નવું બંધારણ લાવવું જોઈએ. મહત્વનું છે કે આ પહેલાં મુખ્યમંત્રી કેસી રાવની પાર્ટી ટીઆરએસના સાંસદોએ સંયુક્ત સત્રમાં બજેટ રજૂ થતાં પહેલા થયેલા રાષ્ટ્રપતિના અભિભાષણનો બહિષ્કાર કર્યો હતો. જાણવા મળી રહ્યું છે કે રાષ્ટ્રપતિના અભિભાષણ પહેલાં તેલંગણાના મુખ્યમંત્રી કેસી રાવે પોતાની પાર્ટીના સાંસદો સાથે બેઠક કરી હતી અને તેમને કેન્દ્ર સરકારનો વિરોધ કરવાનું કહ્યું હતું. ટીઆરએસ સાંસદોએ કેન્દ્ર સરકાર પર આરોપ લગાવ્યો કે ફંડ આપવાના મામલામાં તેલંગણા સાથે ભેદભાવ કરવામાં આવી રહ્યો છે. તેલંગણાના મુખ્યમંત્રીએ મંગળવારે રજૂ થયેલા બજેટ પર પણ સવાલ ઉઠાવ્યા છે. તેલંગણાના મુખ્યમંત્રીએ બજેટને ઝીરો ગણાવ્યું છે. તેમણે કહ્યું કે બજેટમાં કિસાનો, ગરીબો અને નોકરીયાત વર્ગ માટે કંઈ નથી.



# એવા લોકો પર દયા આવે છે જે ટ્વિટર પર ટિપ્પણીથી વધુ કશું નથી કરતા

## રાહુલ ગાંધી પર સીતારમણનો પલટવાર

નવી દિલ્હી, તા. ૨

સંસદમાં નાણામંત્રી નિર્મલા સીતારમણે સામાન્ય બજેટ રજૂ કર્યા બાદ કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ આ બજેટને ઝીરો ગણાવ્યું હતું. રાહુલ ગાંધીની પ્રતિક્રિયા પર નાણામંત્રીએ પોતાનો અભિપ્રાય આપ્યો છે. રાહુલ ગાંધી પર કટાક્ષ કરતા નાણામંત્રીએ કહ્યું કે ટ્વિટર પર ટિપ્પણી કરવાથી કંઈ થતું નથી, તેમણે પહેલા કંઈક કરવું જોઈએ. નાણામંત્રીએ કહ્યું, 'મને તે લોકો પર દયા આવે છે જેઓ ખૂબ જ ઝડપથી પ્રતિક્રિયા આપે છે. માત્ર એટલા માટે કે તમે ટ્વિટર પર કંઈક ટિપ્પણી કરવા માંગો છો તે તમારા માટે કંઈ કામ આવશે નહીં. પહેલા તેમણે કોંગ્રેસ શાસિત રાજ્યોમાં કંઈક કરવું જોઈએ અને પછી તેના વિશે બોલવું જોઈએ.



આ પહેલા રાહુલ ગાંધીએ કહ્યું હતું કે સામાન્ય બજેટમાં પગારદાર વર્ગ, મધ્યમ વર્ગ, ગરીબ, ખેડૂતો, યુવાનો અને નાના વેપારીઓ માટે કંઈ નથી.

# ૩૭૦મી કલમ હટ્યા બાદ કાશ્મીરમાં ૪૩૯ આતંકી માર્યા

## આંતકી ઘટનાઓ સંદર્ભે રાજ્યસભામાં સરકારનો જવાબ

નવી દિલ્હી, તા.૨

આર્ટિકલ ૩૭૦ હટ્યા બાદ જમ્મુ-કાશ્મીરમાં આતંકી ઘટનાઓને લઈને રાજ્યસભામાં સવાલ પૂછવામાં આવ્યો હતો. સાથે તે પણ પૂછવામાં આવ્યું કે અત્યાર સુધી કેટલા સુરક્ષાકર્મી આતંકીઓ સાથે અથડામણમાં શહીદ થયા છે. ત્યારબાદ કેન્દ્રીય ગૃહ રાજ્યમંત્રી નિત્યાનંદ રાયે તેનો જવાબ આપ્યો હતો. ગૃહ રાજ્યમંત્રી નિત્યાનંદ રાયે રાજ્યસભામાં જણાવ્યુ કે જમ્મુ-કાશ્મીરથી કલમ ૩૭૦ હટ્યા બાદ કુલ ૪૩૯ આતંકીઓ માર્યા ગયા છે. સાથે આ ઘટનાઓમાં નાગરિકો અને સુરક્ષાદળોના પણ મૃત્યુ થયા છે. આ દરમિયાન ૯૮ નાગરિક અને ૧૦૯ સુરક્ષાકર્મી પણ શહીદ થયા છે. આર્ટિકલ ૩૭૦ હટ્યા બાદ જમ્મુ-કાશ્મીરમાં કુલ ૫૪૧ આતંકવાદી ઘટનાઓ થઈ છે.

# પેટ્રોલમાં ઈથેનોલ મિશ્રણ પર ભાર મૂકાતા ભાવ વધશે

## બજેટમાં સરકારની દરખાસ્તથી ઈંધણના ભાવ વધશે

નવી દિલ્હી, તા.૨

આ વખતના બજેટમાં સરકારે એક એવી દરખાસ્ત કરી છે જેના કારણે પેટ્રોલ માટે તમારે વધારે રૂપિયા ચુકવવા પડશે.

સરકાર પેટ્રોલમાં ઈથેનોલના મિશ્રણ પર ભાર મુકી રહી છે. તેથી ઈથેનોલના મિશ્રણ વગરના (અનબ્લેન્ડેડ) પેટ્રોલના ભાવમાં ઓક્ટોબરથી વધારો થશે. ખાનગી ફ્યુઅલ રિટેલરે ઈથેનોલના વપરાશને વેગ આપવા માટે બ્લેન્ડેડ પેટ્રોલ જ વેચવું પડશે.




નાણામંત્રી નિર્મલા સીતારમણે બજેટના ભાષણ દરમિયાન કહ્યું હતું કે બ્લેન્ડેડ ઈંધણનો વપરાશ વધારવો એ આ સરકારની પ્રાથમિકતા છે. તેથી પહેલી ઓક્ટોબરથી અન-બ્લેન્ડેડ ઈંધણ (ઈથેનોલ વગરનું ઈંધણ) પર લિટર દીઠ બે રૂપિયાની વધારે એક્સાઈઝ ડ્યુટી લાગુ પડશે.

હાલમાં દેશના જુદા જુદા ભાગોમાં પેટ્રોલમાં જુદા જુદા પ્રમાણમાં ઈથેનોલ મિક્સ કરવામાં આવે છે. સરકારી માલિકીની કંપનીઓ ઈન્ડિયન ઓઈલ, એચપીસીએલ અને બીપીસીએલ ઈથેનોલ બ્લેન્ડેડ પેટ્રોલ વેચે છે, જ્યારે ખાનગી કંપનીઓ મોટા ભાગે ઈથેનોલ વગરનું પેટ્રોલ વેચે છે. મોદી સરકારે ઈથેનોલ આધારિત પેટ્રોલ અથવા શુદ્ધ ઈથેનોલ તરફ વળવા માટે ગ્રાહકોને પ્રોત્સાહિત કર્યા છે. તેના દ્વારા દેશમાં વાહન પ્રદૂષણ ઘટાડી શકાશે તથા ઓઈલની આયાત પણ ઘટશે.

# હિન્દ મહાસાગરમાં 'મરીન હીટવેવ'થીચોમાસાપરપ્રભાવ

મુંબઈ,તા.૨

હિન્દ મહાસાગરમાં ૧૯૮૦ના વાયકાથી મરીન હીટવેવની સંખ્યા તથા તીવ્રતામાં વધારાથી ભારતીય ચોમાસાને અસર થતી હોવાનું મહત્વનું તારણ નવા અભ્યાસ પરથી નિહાળ્યું છે.

હિન્દ મહાસાગરના પશ્ચિમી ભાગ તથા બંગાળની ખાડીમાં મરીન હીટવેવની સંખ્યા તથા તીવ્રતામાં સૌથી મોટો વધારો થયો છે તેને કારણે આ ક્ષેત્રમાં માછીમારી ઉપરાંત ચોમાસા પર પણ વ્યાપક પ્રભાવ હોવાનો ખુલાસો થયો છે.



આ કારણે મધ્ય ભારતમાં વરસાદની માત્રા વધી છે. જ્યારે દક્ષિણ પેનિનસુલામાં વધી છે. અલનીનો તથા દરિયાઈ તાપમાનમાં વધારાથી હીટવેવમાં વૃધ્ધિ થઈ છે.

# વારાણસીમાં નકલી કોવિડ રસી અને ટેસ્ટિંગ કિટનો જથ્થો જપ્ત

વારાણસી, તા.૨

ઉત્તર પ્રદેશના વારાણસીમાં નકલી કોવિડ રસી અને ટેસ્ટિંગ કિટ મોટી માત્રામાં મળી આવી છે. આ નકલી કોરોના રસી અને નકલી ટેસ્ટિંગ કિટ ઘણા રાજ્યોમાં સપ્લાય કરવાની હતી. સદનસીબે, પોલીસે સપ્લાય કરવામાં આવે તે પહેલાં જ નકલી રસીઓ બનાવતી અને સપ્લાય કરતી ગેંગનો પર્દાફાશ કર્યો. પોલીસે રાકેશ થાવાણી, સંદીપ શર્મા, લક્ષ્ય જાવા, શમશેર અને અરુણેશ વિશ્વકર્માની નકલી કોરોના રસીના ઉત્પાદન અને સપ્લાયના સંબંધમાં ધરપકડ કરી છે. પોલીસ દ્વારા આરોપીઓની પૂછપરછ કરવામાં આવી રહી છે. આરોપીઓ સામે કડક કાર્યવાહી કરવામાં આવી રહી છે. રિકવર કરાયેલી દવાઓની બજાર કિંમત લગભગ ૪ કરોડ રૂપિયા છે.



# યુપીમાં મંત્રી સ્વાતી સિંહની ભાજપમાંથી ટિકિટ કપાઈ

નવી દિલ્હી, તા.૨

ભાજપે યોગી સરકારમાં કદાવર મંત્રી રહેલા સ્વાતિ સિંહની ટિકિટ કાપી છે. સ્વાતિ સિંહને ગઈ વખતે લખનૌ જિલ્લા હેઠળ આવતી સરોજની નગર બેઠક પરથી ઉમેદવાર બનાવાયા હતા.



લખનૌની તમામ બેઠક પર ઉમેદવારોના એલાન બાદ સ્વાતિ સિંહના પતિ દયાશંકર સિંહે કહ્યુ કે પાર્ટીએ સારા ઉમેદવાર પર દાવ લગાવ્યો છે. ભાજપ તમામ બેઠક પર જીતશે. ટિકિટ ના મળવા પર દયાશંકર સિંહે કહ્યુ કે ટિકિટ કોઈની હોતી નથી, પાર્ટી હોય છે. પાર્ટીએ મને ઘણા પદ આપ્યા હુ નસીબદાર છુ.

# હવે પાંચ વર્ષના બાળકો માટે પણ કોરોનાની રસી આવશે

## ફાઈઝર અને બાયોટેકની જાહેરાત

વોશિંગ્ટન, તા.૨

મંગળવારે ફાઈઝર અને બાયોટેકે એક નિવેદન જારી કરીને કહ્યું છે કે, 'યુએસફૂડ એન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશન દ્વારા કરવામાં આવેલ આગ્રહને પગલે કંપનીઓએ ૬ મહિનાથી ૫ વર્ષ સુધીના બાળકો માટે ફાઈઝર અને બાયોટેક દ્વારા તૈયાર કરાયેલ વેક્સિનના ઈમરજન્સી ઉપયોગ માટે અરજી કરવામાં આવી છે. જો આ રસી મંજૂર થઈ જશે તો તે પાંચ વર્ષ સુધીના બાળકોને અપાતી વિશ્વની પ્રથમ રસી બની જશે. ફાઈઝરઅને બાયોટેક જણાવ્યું છે કે સબમિશન પ્રક્રિયા થોડા દિવસોમાં પૂર્ણ થઈ જશે.




# રશિયાને યુદ્ધમાં ફસાવવા માંગે છે અમેરિકા

## યુક્રેન સાથે તણાવ બાદ પુતિનની ટીપ્પણી

મોસ્કો, તા.૨

રશિયાના રાષ્ટ્રપતિએ કહ્યું કે યુક્રેન સંકટનું સમાધાન સરળ નથી, પરંતુ પુષ્ટિ કરી કે ક્રેમલિન વધુ વાતચીત માટે તૈયાર છે કારણ કે યુક્રેન પર તણાવ વધી રહ્યો છે. આ ટિપ્પણી હંગરીના પ્રધાનમંત્રી ઓરબાન સાથે મુલાકાત બાદ આવી છે.

રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિને મંગળવારે યુક્રેન સાથે જારી તણાવ બાદ પોતાની પ્રથમ જાહેર ટિપ્પણીમાં કહ્યું કે, પશ્ચિમે મોસ્કોની સુરક્ષાની ચિંતાને નજરઅંદાજ કરી છે. અમેરિકા અને તેના નાટો સહયોગીઓએ ચિંતા વ્યક્ત કરી છે કે યૂક્રેનની પાસે એક લાખથી વધુ સૈનિકોનો જમાવડો તે સંકેત આપી રહ્યો છે કે રશિયા પોતાના સોવિયત પાડોશી પર હુમલાની તૈયારીમાં છે.



પાછલા સપ્તાહે અમેરિકા અને નાટોએ કાયદાકીય રૂપથી બાધ્યકારી સુરક્ષા ગેરંટીના ક્રેમલિનના આહવાનનો જવાબ આપ્યો હતો. પરંતુ પુતિનનું માનવુ છે કે રશિયાની વિનંતી કોઈ સાંભળી રહ્યું નથી. તેમણે સંવાદદાતાઓને કહ્યું- અમે અમેરિકા અને નાટોથી પ્રાપ્ત લેખિત પ્રતિક્રિયાઓનું સાવધાનીપૂર્વક વિશ્લેષણ કરી રહ્યાં છીએ.

તેમણે કહ્યું- પરંતુ તે પહેલાથી જ સ્પષ્ટ છે કે મૂળભૂત રશિયન ચિંતાઓને અવગણવામાં આવી હતી, પુતિને ઉમેર્યું, મને આશા છે કે આખરે આપણે ઉકેલ શોધીશું, જો કે તે સરળ નહીં હોય, જેણે રશિયા પર ૧૦૦,૦૦૦ થી વધુ સૈનિકો ભેગા કરવાનો આરોપ મૂક્યો છે. રશિયાએ હુમલો કરવાની યોજનાનો ઈનકાર કર્યો હતો.

# ઓમિક્રોન વેરિઅન્ટ - ૧૯ વાયરસ ખતરનાક : ડબલ્યુએચઓની ચેતવણી

(જી.એન.એસ),નવીદિલ્હી,તા.૦૨

કોરોના પર જીતની જાહેરાત કરવી અથવા ફેલાવાને રોકવા માટેના પ્રયાસોને છોડી દેવાનું ખૂબ જ વહેલું છે. એ પણ કહ્યું કે જ્યારે ઓમિક્રોન વેરિઅન્ટ કોવિડ-૧૯ના અન્ય પ્રકારો કરતાં હળવા ગણી શકાય છે. વિશ્વના મોટાભાગના વિસ્તારોમાં મૃત્યુમાં ચિંતાજનક વધારો જોવા મળી રહ્યો છે. કોઈપણ દેશ માટે આત્મસમર્પણ કરવું અથવા વિજયની ઘોષણા કરવી ખૂબ જ વહેલું છે. આ વાયરસ ખતરનાક છે અને તે આપણી નજર સમક્ષ સતત વિકાસ પામતો રહે છે. ડબ્લ્યુએચઓ ચીફનું નિવેદન ડેનમાર્કે તેના તમામ રોગચાળાના નિયંત્રણો હટાવ્યા પછી આવ્યું છે. હળવા ઓમિક્રોન વેરિઅન્ટ્સની વિક્રમી સંખ્યા હોવા છતાં આવું કરનાર પ્રથમ યુરોપિયન સંઘ દેશ બન્યો છે. અન્ય ઘણા દેશો પણ સમાન પગલાઓ પર નજર રાખી રહ્યા છે. ટેડ્રોસે કહ્યું કે અમે ચિંતિત છીએ કે કેટલાક દેશોમાં એક વાતે જોર પકડયું છે કે રસીઓ અને ઓમિક્રોનની ઉચ્ચ ટ્રાન્સમિસિબિલિટી અને ઓછી ગંભીરતાને કારણે તે હવે શક્ય નથી અને હવે જરૂરી નથી. તેમણે કહ્યું કે સત્યથી વધુ કંઈ હોઈ શકે નહીં. વધુ કોરોના ટ્રાન્સમિશન એટલે વધુ મૃત્યુ. યુએન હેલ્થ એજન્સીના વડાએ કહ્યું કે ૧૦ અઠવાડિયા પહેલા ઓમિક્રોન પ્રથમ વખત દક્ષિણ આફ્રિકામાં જોવા મળ્યો હતો, અત્યાર સુધીમાં ૯૦ મિલિયન કેસ નોંધાયા છે.



### વ્યાજબી ભાવની દુકાનોના સંચાલકોના કમિશનમાં પણ કરાયો વધારો

# રાજ્યના ૭૦ લાખ કુંટુબોને ૫૦ રૂ.કિલો તુવેરદાળ મળશે

ગાંધીનગર,તા.૨

રાજ્ય સરકાર દ્વારા "રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા-૨૦૧૩" હેઠળ સમાવિષ્ટ ૭૦ લાખ કુટુંબોને દર માસે રાહતદરે કઠોળના વિતરણ માટે પ્રતિ કુટુંબ ૧ કિલો તુવેરદાળ હવે ૫૦ રૂપિયા પ્રતિ કિલોના ફિક્સ ભાવે આપવાનો નિર્ણય કર્યો છે. આ યોજના હેઠળ ભારત સરકાર વતી નાફેડ દ્વારા રાજ્ય સરકારને તુવેરદાળનો જથ્થો પુરો પાડવામાં આવે છે. આ સાથે જ રાજ્યમાં વ્યાજબી ભાવની દુકાનોના સંચાલકો એટલે કે પંડિત દીન દયાળ ઉપાધ્યાય ગ્રાહક ભંડારના સંચાલકોને આપવામાં આવતા કમિશનના દરમાં તા. ૧લી જાન્યુઆરી ૨૦૨૨થી અમલમાં આવે તે રીતે વધારો કરવાનો મહત્વપૂર્ણ નિર્ણય કર્યો છે. રાજ્ય સરકારના પ્રવક્તા અને શિક્ષણમંત્રી જીતુ વાઘાણીએ આ નિર્ણયની



વિગતો આપતા કહ્યું કે, અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોના વિભાગ મારફતે રાજ્યમાં જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ તથા "રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા" અંતર્ગત રાજયના હાલ કુલ ૭૦ લાખ રેશનકાર્ડધારકો અને ૩ કરોડ ૪૫ લાખ જનસંખ્યાને દર માસે આશરે ૧૭૦૦૦થી વધુ વાજબી ભાવની દુકાનો મારફતે આધાર બેઈઝડ આધારિત વિતરણ પધ્ધતિથી ઘઉં, ચોખા, તુવેરદાળ, ખાંડ, આયોડાઈઝડ મીઠુ અને વર્ષમાં બે વખત રીફાઈન્ડ કપાસિયા તેલનું વિતરણ કરવામાં આવે છે જીતુ વાઘાણીએ વધુમાં જણાવ્યું છે કે, રાજયની પ્રજાને અત્યંત રાહતદરે કઠોળ પુરું પાડીને કુપોષણ સામે રક્ષણ આપવા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના વડપણ હેઠળની આ સરકાર કટિબધ્ધ છે. રાજય સરકારે કરેલા આ નિર્ણયને પરિણામે દર મહીને રૂ.૧૧ કરોડ જેટલો વધારાનો સબસીડી ખર્ચ થશે અને વાર્ષિક રૂ. ૧૨૦ કરોડનો વધારાનો બોજ રાજય સરકાર વહન કરશે.

# સુરત પાસે એસઆરપી જવાનોની બસ ટ્રક સાથે અથડાતા ૧૭ને ઈજા, ૪ ગંભીર

(જી.એન.એસ)સુરત,તા.૦૨

સુરતના કિમ ચાર રસ્તા નજીક આવેલા સિયાલજ પાટિયા પાસે વડોદરા એસઆરપી કેમ્પથી ૨૭ જેટલા એસઆરપી જવાનોને લઈ જતી બસના ચાલકે રોડ પર ઉભેલ ટ્રક સાથે પાછળથી બસ અથડાવી દેતા જોરદાર અકસ્માત સર્જાયો હતો. વધુ પડતા ધુમ્મસના કારણે અકસ્માત સર્જાયો હોવાની વાત સામે આવી હતી. બસમાં સવાર ૨૭ પૈકીના



૪ જવાનોને ગંભીર ઈજાઓ થઈ હતી જયારે ૧૩ જવાનોને સામાન્ય નાની-મોટી ઈજાઓ થઈ હતી. તમામ ઈજાગ્રસ્તોને કીમ ચાર રસ્તા ખાતે આવેલી ખાનગી હોસ્પીટલમાં સારવાર અર્થે ખસેડાયા હતા.

# શિક્ષણમંત્રીએ ફી માફીનો અમલ નહિં કરતા વિરોધ

(જી.એન.એસ)અમદાવાદ,તા.૦૨

અમદાવાદમાં વસ્ત્રાપુર ડીઈઓ કચેરી ખાતે એનએસયુઆઈના કાર્યકરોએ ૨૫ ટકા ફી માફી માટે શિક્ષણમંત્રીના ફોટા સાથે રેલી કાઢીને વિરોધ પ્રદર્શન કર્યું હતું. શિક્ષણમંત્રીના ફોટા પર ૨૦૦૦ની નકલી નોટોનો હાર પહેરાવ્યો હતો. ખાનગી શાળા સંચાલકો અને ખાનગી શિક્ષણમંત્રીના નારા પણ લગાવવામાં આવ્યા હતા અને ૨૫ ટકા ફી માફી માટે માંગણી



કરવામાં આવી હતી. જુના શિક્ષણ મંત્રીએ જાહેરાત કરી હોવા છતાં નવા શિક્ષણમંત્રી દ્વારા ફી માફી કરવામાં આવી નથી.

# ખેડૂતો આપઘાત કરે છે ત્યારે હિન્દુઓને એક થવા કેમ કોઈ કહેતુ નથી : હાર્દિક પટેલ

(એ.આર.એલ)અમદાવાદ,તા.૨

ધંધૂકામાં કિશન ભરવાડની હત્યા મુદ્દે હિંદુ સંગઠનોમાં રોષનો માહોલ જોવા મળી રહ્યો છે. ત્યારે હાર્દિક પટેલે પણ આ બાબતે પ્રતિક્રિયા આપી છે. આ પ્રતિક્રિયામાં માત્ર કિશન ભરવાડ હત્યા કેસની વાત નથી કરી પરંતુ, દેશમાં કયા-કયા મુદ્દે હિંદુઓએ એક થવું જોઈએ આ તમામ મુદ્દાઓ પર પ્રતિક્રિયા આપી છે.



કોંગ્રેસના કાર્યકારી અધ્યક્ષ હાર્દિક પટેલે તેની ફેસબૂક પોસ્ટમાં લખ્યું છે કે, પેપર ફુટવાની ઘટનામાં કેટલાય હિંદુ પરિવારના સરકારી નોકરીના સ્વપ્ન ચકનાચુર થઈ જાય છે અને કેટલાય હિંદુઓ આપઘાત કરવા મજબુર બને છે. હાર્દિક પટેલે લખ્યું છે કે, પાટીદાર આંદોલન વખતે ૧૪ નવયુવાન પટેલની હત્યા કરવામાં આવી ત્યારે હિંદુ એકતાનો પરિચય કેમ ના આપ્યો? તથા રાજ્યમાં સરકારી તંત્રના ત્રાસથી હજારો ખેડૂતોએ આત્મહત્યા કરી છે ત્યારે હિંદુઓને એક થવા કેમ કોઈ કહેતું નથી? તેવું પોતાની ફેસબૂક પોસ્ટમાં જણાવ્યું છે.

### ઠંડીનું જોર ભલે ઘટ્યું પરંતુ

# આગામી દિવસોમાં રાજ્યમાં શીતલહેરની પૂરી શક્યતા

(એ.આર.એલ) અમદાવાદ,તા.૨

રાજ્યમાં ધીમે ધીમે હવે ઠંડીનું જોર ઘટ્યું છે. જો કે ઠંડી ઘટી ભલે હોય પરંતુ આગામી દિવસોમાં તેમા વધારો થયા તેવી હવામાન વિભાગે આગાહી કરી છે. ઉત્તર ભારતમાં સતત પડી રહેલી હિમવર્ષાનાં કારણે રાજ્યમાં શીતલહેરની સંભાવના છે. ઉત્તર ભારતમાં પડેલા હિમવર્ષાને પગલે મંગળવારે ગુજરાત રાજ્ય અને અમદાવાદમાં ગાઢ ધુમ્મસ ભર્યું



વાતાવરણ સર્જાયું હતું. હવામાનની આગાહી મુજબ આવનારા દિવસોમાં શીતલહેરનું જોર વધે અને લોકો કાતિલ ઠંડીનો અહેસાસ કરે તેવી શકયતા વર્તાઈ રહી છે.

# રૂ.૪.૨૫ લાખના ગાંજા સાથે બે શખ્સોને ઝડપી પાડતી ભાવનગર એસઓજી ટીમ

(એ.આર.એલ) ભાવનગર,તા.૨

રાજ્યના યુવાનોને નશાના માર્ગે ધકલેવાના એક પછી એક પ્રયાસ થઈ રહ્યા છે. જે અતંર્ગત દિવસેને દિવસે પ્રતિબંધિત ડ્રગ્સ સતત રીતે ઝડપાઈ રહ્યું છે. ગત રોજ પણ રાજ્યના અમદાવાદમાંથી પણ ચોંકાવનારા અહેવાલ સામે આવ્યા હતા. જેમાં અમદાવાદ SOGને સફળતા પ્રાપ્ત થઈ હતી. ભાવનગર એસઓજીએ પ્રતિબંધિત ડ્રગ્સ સાથે બે ઈસમોને ઝડપ્યા હતા.૪,૨૫,૧૦૦ લાખની



કિંમતના ૪૨.૫ કિલોનો ગાંજો જપ્ત કર્યો હતો.અમદાવાદ શહેરમાં ગત રોજ એમડી ડ્રગ્સ ઝડપાયું હતું. અમદાવાદ શહેરના ગોમતીપુર વિસ્તારમાથી આ પ્રતિબંધિત ડ્રગ્સ ઝડપાયું છે. જેમાં ગોમતીપુર પાસેથી એસઓજી ક્રાઈમે કારમાં લવાતો ડ્રગ્સનો જથ્થો ઝડપી પાડયો હતો.

# સુરત શહેરમાં નોકરીની લાલચે પરીણિતા સાથે આચરાયું દુષ્કર્મ

(જી.એન.એસ)સુરત,તા.૦૨

સુરતનાં નાના વરાછામાં ૩૧ વર્ષીય પરીણિતા એક નર્સરીમાં નોકરી કરતી હતી. કોરોનામાં નર્સરી બંધ થતાં બેકાર થઈ હતી. બહેનપણીને વાત કરતાં તેણે માનેલા ભાઈ પારસ ઝાલાવડિયાનો નંબર આપ્યો હતો. તેથી રૂપાલીએ પારસને નોકરી માટે વાત કરી હતી. પારસે રૂપાલીને કહ્યું હતું કે ડી.આર. વર્લ્ડમાં એક નોકરી છે, એવું કહીને પારસ રૂપાલીને WOW હોટલ લઈ ગયો હતો. ત્યાં એક રૂમમાં બેસાડીને કહ્યું કે શેઠ બાજુના હોલમાં છે ત્યાં તમને બોલાવશે. બાદમાં ચપ્પુ બતાવીને તારી બંને દીકરીઓનાં ગળાં કાપી નાખીશ એવી ધમકી આપીને રૂપાલીના મોઢામાં રૂમાલનો ડુચો મારીને તેના પર બળાત્કાર કરી તેનો વીડિયો ઉતારી લીધો હતો. વીડિયોના આધારે હોટલમાં બોલાવીને વારંવાર બળાત્કાર કર્યો હતો. ત્રસ્ત રૂપાલીએ પતિને વાત કર્યા બાદ પારસ વિરુદ્ધ કાપોદ્રા પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.

# પોરબંદરના યુવકનો અમેરિકામાં ડંકો ૩૭ કરોડનો સંશોધન પુરસ્કાર મળ્યો

(જી.એન.એસ)પોરબંદર,તા.૦૨

અમેરિકાના ટેક્સાસ ખાતે પોરબંધરના વિશાલ ગોહિલ, પીએચ.ડી., સહયોગી પ્રોફેસર, બાયોકેમિસ્ટ્રી અને બાયોફિઝિક્સ અને એગ્રીલાઈફ રિસર્ચ વિભાગને સંશોધન પુરસ્કાર મળ્યો હતો. ૨૦૧૨માં આ વિભાગમાં જોડાયા ત્યારથી ગોહિલે પોતાને માઈટોકોન્ડ્રિયલ બાયોલોજી અને મેડિસિનક્ષેત્રે અગ્રણી તરીકે સ્થાપિત કર્યા છે. તેમના વાઈબ્રન્ટ સંશોધન કાર્યક્રમે ફેડરલ એજન્સીઓ અને ખાનગી ફાઉન્ડેશનો પાસેથી સંશોધન ભંડોળમાં ૫ મિલિયન (ઈજ.૩૭ કરોડ)થી વધુ આકર્ષ્યા છે. એલેસ્કલોમોલ દવા પરના તેમનાં તારણો એન્ગ્રેલ થેરાપ્યુટિક્સ સાથે લાઈસન્સ કરાર તરફ દોરી ગયા છે. આ સાનડિયેગો સ્થિત કંપની મેક્સ રોગની સારવાર માટે આ દવાને વધુ વિકસાવવા માટે ગોહિલની લેબમાં સંશોધનને સ્પોન્સર કરશે, જે એક જીવલેણ બાળરોગની વિકૃતિ છે જેની હાલમાં કોઈ સારવાર અસ્તિત્વમાં નથી. ગોહિલે બહુવિધ નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઑફ હેલ્થ અભ્યાસ વિભાગોમાં સમીક્ષક તરીકે સેવા આપી છે, સાયન્સ, નેચર કોમ્યુનિકેશન્સ અને પ્રોસિડિંગ્સ ઑફ ધ નેશનલ એકેડેમી ઑફ સાયન્સ સહિતના પ્રતિષ્ઠિત જર્નલમાં પ્રકાશિત કર્યા છે અને આંતરરાષ્ટ્રીય વૈજ્ઞાનિક પરિષદોમાં આમંત્રિત વાર્તાલાપ આપ્યા છે.






# ક્રિકેટ સટ્ટાબાજીમાં કચ્છનાં ૧૬ બુકીઓ માઉન્ટઆબુમાં ઝડપાયા

(જી.એન.એસ)ભુજ,તા.૦૨

માઉન્ટ આબુમાં ધમધમી રહેલ ક્રિકેટ સટ્ટાબાજી પર સ્થાનિક પોલીસે મોટી કાર્યવાહી હાથ ધરી છે. બાતમીદારના માધ્યમથી સમગ્ર મામલા પર નજર રાખી રહેલા એસપી ધર્મેન્દ્ર સિંહે મોડી રાત્રે સટ્ટાબાજીના રેકેટનો પર્દાફાશ કર્યો હતો. પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર માઉન્ટ આબુમાં છેલ્લા એક સપ્તાહથી આ ઓનલાઈન સટ્ટાબાજીની રમત ચાલી રહી હતી. જેમાં વધુ અનેક પોલીસકર્મીઓની મિલીભગતનો મામલો પણ સામે આવી રહ્યો છે. માઉન્ટ આબુમાં સટ્ટા ગેંગની ધરપકડ બાદ વિભાગીય તપાસનો સામનો કરી રહેલા એસપી ધર્મેન્દ્ર સિંહ યાદવે



માઉન્ટ આબુના એસએચઓ દેવેન્દ્ર સિંહ કુશવાહાને લાઈનમાં મૂક્યા હતા. લાંબા સમયથી માઉન્ટ આબુ પોલીસ સ્ટેશનમાં અટવાયેલા કોન્સ્ટેબલ સુભાષ સહિત ૧૦ કોન્સ્ટેબલોની અન્ય પોલીસ સ્ટેશનમાં બદલી કરવામાં આવી છે. આ મામલામાં અત્યાર સુધીમાં ત્રણ પોલીસકર્મીઓને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે, એક લાઈન સામે આવી છે. જેમાં ટ્રાફિક શાખાના કોન્સ્ટેબલ સાગરને સસ્પેન્ડ કરી દેવામાં આવ્યા છે અને ૪ કોન્સ્ટેબલની બદલી કરવામાં આવી છે.

# ખેડબ્રહ્મામાં દાદીએ પૌત્રને માથામાં બોથડ પદાર્થ મારી કરી નિર્મમ હત્યા

(સં.સ.સે.) અમદાવાદ,તા.૨

ઉત્તર ગુજરાતના ખેડબ્રહ્મામાં એક દાદીએ દોઢ વર્ષના પૌત્રને માથામાં બોથડ પદાર્થ મારીને મારી નાંખ્યો હતો. એના બાદ ચતુર દાદીએ હત્યાને અકસ્માતમાં ફેરવવાનો પ્રયાસ કર્યો હતો. પરંતુ બીજા પૌત્ર અને પાડોશીઓની મદદથી હત્યારી દાદીનો ભાંડો ફુટ્યો હતો. પ્રાપ્ત માહિતી અનુસાર, ખેડબ્રહ્મામાં રહેતા મુકેશભાઈ ઉદાજી ઠાકોરના લગ્ન દસ વર્ષ પહેલા વાઘેશ્વરીના વીનાબેન કોદરવી સાથે થયા હતા. જેમાં બે બાળકોનો જન્મ થયો હતો. પરંતુ લગ્નના થોડા વર્ષો બાદ વીનાબેન ૪ વર્ષનો દીકરો ઋત્વિક અને દોઢ વર્ષના શૈલેષને મૂકીને પોતાના પિયર જતા રહ્યા હતા. બીજી તરફ, બાળકોને ઉછેરવાની જવાબદારી દાદી ચંદ્રિકાબેન પર આવી હતી. મુકેશભાઈ સંતાનોને દાદી પાસે છોડીને મજૂરી કામે જતા હતા. આમ, એક દાદીએ જ દાનવ બનીને માસુમનુ મોત નિપજાવ્યુ હતું. મુકેશભાઈએ માતા ચંદ્રિકાબેન સામે દીકરાના હત્યા કર્યાની ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.





